dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-282 | AD - 2026, Ashadh Sud -04 | Saturday, Dt. 18-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનનું સ્વપ્ન સાકાર થયું અને આ સાથે જીંદ, સોનીપત તેમજ હરિયાણાના નામ ઇતિહાસના પાનામાં કોતરાઈ ગયા : મોદી**

# દેશની પ્રથમ સ્વદેશી હાઈડ્રોઝન પેસેન્જર ટ્રેનને પીએમ મોદીએ લીલીઝંડી આપી

**હરિયાણાને રૂ.૧૪,૦૦૦ કરોડથી વધુના રેલ્વે, હાઇવે અને મેડિકલ કોલેજના વિકાસ કાર્યોની ભેટ મળી**


જીંદ,તા.૧૭

ભારતીય રેલ્વેએ ગ્રીન અને આધુનિક પરિવહન તરફ એક મોટું પગલું ભરીને નવો ઈતિહાસ રચ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના જીંદ રેલ્વે સ્ટેશનથી દેશની પ્રથમ સ્વદેશી હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ સિધ્ધિ સાથે ભારત હાઈડ્રોજન ટ્રેન ચલાવતા વિશ્વના પસંદગીના દેશોના જૂથમાં સામેલ થઈ ગયું છે. આ ટ્રેન જીંદ અને સોનીપત વચ્ચે આશરે ૮૯ કિલોમીટરના રૂટ પર દોડશે.

જીંદમાં એક જાહેર રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, ભારતની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનનું સ્વપ્ન સાકાર થયું છે અને આ સાથે જીંદ, સોનીપત તેમજ હરિયાણાના નામ ઈતિહાસના પાનામાં કોતરાઈ ગયા છે. તેમણે ઉમેર્યું કે, 'વર્ષોથી જીંદનું ઘી અને ઘેવર ભલે બદલાયા નથી, પરંતુ જીંદનું વલણ ચોક્કસ બદલાયું છે. આજે જીંદ ભાજપ-એનડીએના સુશાસન મોડેલનું પ્રતીક બની રહ્યું છે.'



પીએમ મોદીએ સ્વચ્છતાનો આગ્રહ રાખતા જનતાને પૂછ્યું કે, 'શું સ્વચ્છતા માટે મોદીની મુલાકાત જરૂરી છે? જો જીંદ અને હરિયાણાના લોકો કચરો ન નાખવાનો સંકલ્પ લે, તો આ પ્રદેશ ક્યારેય ગંદો નહીં રહે. આપણે સ્વચ્છતાને આપણી પ્રકૃતિ, સંસ્કૃતિ અને રોજિંદા જીવનનો ભાગ બનાવવી પડશે.'

આશરે રૂ.૮૨ કરોડના ખર્ચે બનેલી આ સ્વદેશી હાઈડ્રોજન ટ્રેનની ક્ષમતા ૧૨૦૦ કિલોવોટ છે અને તે એક સમયે આશરે ૨૬૦૦ મુસાફરોને લઈ જવા સક્ષમ છે. ૩૨૦૦ હોર્સપાવર ધરાવતી આ ટ્રેન વિશ્વની સૌથી શક્તિશાળી અને લાંબી હાઈડ્રોજન ટ્રેન સેવાઓમાંની એક છે, જેને ભારતીય ઈજનેરો દ્વારા ડિઝાઈન અને ઉત્પાદિત કરવામાં આવી છે. હાલમાં વિશ્વના માત્ર ત્રણ-ચાર દેશો પાસે જ આ ટેકનોલોજી છે.

વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, જેમ દેશની પ્રથમ ટ્રેન બોમ્બે અને થાણે વચ્ચે દોડી હતી, તેમ ભવિષ્યમાં જ્યારે પણ હાઈડ્રોજન ટ્રેનનો ઈતિહાસ લખાશે, ત્યારે જીંદ અને સોનીપતનું નામ મોખરે રહેશે. આ કાર્યક્રમ દરમિયાન હરિયાણાને રૂ.૧૪,૦૦૦ કરોડથી વધુના રેલ્વે, હાઈવે અને મેડિકલ કોલેજ જેવા વિકાસ કાર્યોની ભેટ મળી હતી.


તેમણે ભૂતકાળની સરખામણી કરતા કહ્યું કે, ૧૯મી સદી સ્ટીમ એન્જિનની, ૨૦મી સદી ડીઝલ-ઈલેક્ટ્રિકની અને ૨૧મી સદી હાઈડ્રોજન ટ્રેનની રહેશે. વર્ષ ૨૦૧૪ સુધી દેશનું માત્ર ૩૦% રેલ નેટવર્ક જ વીજળીકરણ પામ્યું હતું, જ્યારે છેલ્લાં ૧૨ વર્ષોમાં ભારતમાં લગભગ ૯૯% અને હરિયાણામાં ૧૦૦% વીજળીકરણ પૂર્ણ થઈ ગયું છે.

આ જ કારણે વૈશ્વિક યુધ્ધો અને તેલ સંકટ છતાં ભારતની રેલ્વે કે વિકાસ અટક્યા નથી. અંતમાં, તેમણે પોતાની જૂની સંગઠનાત્મક યાદો તાજી કરી તેમજ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના પ્રવાસ દરમિયાન હરિયાણાના યુવાનો માટે રમતગમત ક્ષેત્રે થયેલા કરારોની માહિતી આપી હતી.

# અયોધ્યા રામ મંદિર દાન ચોરી કેસમાં SITની ટીમ સુપ્રીમમાં તપાસ રીપોર્ટ આપશે

અયોધ્યા,તા.૧૭

અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ભક્તો દ્વારા ચડાવવામાં આવતા દાન અને ચઢાવાની ચોરીના ચર્ચાસ્પદ મામલામાં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) હવે પોતાનો વચગાળાનો અહેવાલ રાજ્ય સરકારને આપવાને બદલે આગામી સોમવારે સીધો સુપ્રીમ કોર્ટમાં રજૂ કરશે. સાથે જ અંતિમ અહેવાલ તૈયાર કરવા માટે




એસઆઈટીએ રાજ્ય સરકાર પાસે વધુ સમયની માંગણી કરી છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની SITની પ્રાથમિક તપાસમાં દાનની ગણતરી અને તેના સંચાલનમાં અનેક ગંભીર અનિયમિતતાઓ સામે આવી છે. તપાસ દરમિયાન સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)નું ઉલ્લંઘન થયાનું તેમજ જરૂરી CCTV ફૂટેજ ઉપલબ્ધ ન હોવાનું પણ જાણવા મળ્યું છે. આ મામલે અત્યાર સુધીમાં બેંક કર્મચારીઓ સહિત કુલ ૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ યાદવ અને અનુકલ્પ મિશ્રાના નામ મુખ્ય રીતે સામે આવ્યા છે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતી બાદ ૧૩ જૂનના રોજ SITની રચના કરવામાં આવી હતી. શરૂઆતમાં ૧૫ દિવસનો સમય અપાયો હતો, જે બાદ તપાસની મુદત વધુ ૧૫ દિવસ માટે લંબાવવામાં આવી હતી. હવે આવનારા દિવસોમાં રજૂ થનારો અહેવાલ મહત્વનો માનવામાં આવી રહ્યો છે. ૨૨ જુલાઈએ યોજાનારી ટ્રસ્ટની બેઠકમાં આ અહેવાલની ભલામણો પર ચર્ચા થઈ શકે છે, જેના આધારે મંદિરના વહીવટ, દાન વ્યવસ્થા અને સુરક્ષા વ્યવસ્થામાં સુધારાના નિર્ણયો લેવામાં આવે તેવી શક્યતા છે.

# દેશના અનેક વિસ્તારોમાં ફરી ચોમાસું સક્રિય, આગામી દિવસોમાં ભારે વરસાદની શક્યતા

નવી દિલ્હી,તા.૧૭

દેશના લગભગ ૫૦ થી ૬૦ ટકા વિસ્તારોમાં ફરી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને અનેક રાજ્યોમાં વરસાદી માહોલ બન્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશર એરિયાના કારણે ઉત્તર પ્રદેશ, બિહાર તેમજ પૂર્વોત્તરના રાજ્યોમાં સારો વરસાદ નોંધાઈ રહ્યો છે. આગામી સાત દિવસ દરમિયાન આ વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની સંભાવનાને



ધ્યાનમાં રાખી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.


હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ ભૂમધ્ય રેખા નજીક પણ એક નવી હવામાન પ્રણાલી સક્રિય થઈ રહી છે. આ બંને સિસ્ટમના પ્રભાવથી ૨૦ થી ૩૦ જુલાઈ દરમિયાન મધ્ય પ્રદેશ સહિત ઉત્તર અને મધ્ય ભારતના અનેક વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ જુલાઈના પ્રથમ સપ્તાહમાં ચોમાસું સક્રિય બન્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ૧૫ દિવસ દરમિયાન ૧૬ વખત વાદળ ફાટવાની ઘટનાઓ નોંધાઈ છે. કાશ્મીર હવામાન કેન્દ્રે જણાવ્યું છે કે આગામી દિવસોમાં આવી ઘટનાઓમાં વધુ વધારો થઈ શકે છે. તમિલનાડુમાં આજે હીટવેવનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અલ નીનોની અસર અને વરસાદની અછતને કારણે જુલાઈ મહિનામાં પણ તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું છે. રાજસ્થાનના ૧૭ જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ચોમાસું ફરી સક્રિય થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હાલ વરસાદ ઓછો હોવાથી જયપુર સહિતના વિસ્તારોમાં તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું છે.

**પં.બંગાળમાં માટે દાખલ થયેલી જાહેર હિતની અરજીને લઈ સુપ્રીમ કોર્ટની મહત્વની ટીપ્પણી**

# મતદાર યાદીમાં નામ ન હોવાથી નાગરિકતા સમાપ્ત થતી નથી : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૧૭

પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા વિશેષ સઘન પુનરીક્ષણ વિવાદ મામલે સુપ્રીમ કોર્ટમાં શુક્રવારે મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ વ્યક્તિની નાગરિકતા નક્કી કરવાનો અધિકાર ચૂંટણી પંચને નથી. અદાલતે જણાવ્યું કે ચૂંટણી પંચની



જવાબદારી માત્ર મતદાર યાદીના નિયંત્રણ, દેખરેખ અને સુધારણા સુધી મર્યાદિત છે.કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે જો કોઈ ટ્રિબ્યુનલ દ્વારા કોઈ વ્યક્તિનું નામ વિશેષ સઘન પુનરીક્ષણ યાદીમાં સામેલ ન કરવાનો નિર્ણય લેવામાં આવે તો તે મામલો નાગરિકતા અંગે નિર્ણય લેવા માટે સંબંધિત મંત્રાલયને મોકલવો જરૂરી બને છે. માત્ર મતદાર યાદીમાં નામ ન હોવાને કારણે કોઈ વ્યક્તિની નાગરિકતા આપોઆપ સમાપ્ત થઈ જતી નથી તેવી મહત્વપૂર્ણ ટિપ્પણી પણ અદાલતે કરી હતી.આ મામલે પશ્ચિમ બંગાળના વિવિધ વિધાનસભા વિસ્તારોની માહિતી મેળવવા માટે દાખલ કરાયેલી જાહેર હિતની અરજી પર સુનાવણી કરવામાં આવી હતી. મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી ખંડપીઠે અરજી પર વધુ સુનાવણી કરવાની મંજૂરી આપી હતી. હવે આ કેસની આગામી સુનાવણી ૨૫ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. પશ્ચિમ બંગાળમાં આ પ્રક્રિયાને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. સત્તાધારી પક્ષ આ અભિયાનને મતદાર યાદી શુદ્ધ બનાવવા માટે જરૂરી ગણાવી રહ્યો છે, જ્યારે વિરોધ પક્ષો તેનો વિરોધ કરી રહ્યા છે. વિશેષ સઘન પુનરીક્ષણનો મુખ્ય હેતુ મતદાર યાદીને અદ્યતન અને ચોક્કસ બનાવવાનો છે જેથી માત્ર પાત્ર નાગરિકોના નામ જ યાદીમાં રહે અને અપાત્ર નામો દૂર કરી શકાય.

# આંધ્ર પ્રદેશમાં કોરોનાના ૧૨ કેસ નોંધાયા, ૪ના મોતથી તંત્ર સતર્ક


હૈદરાબાદ,તા.૧૭

આંધ્ર પ્રદેશમાં કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને લઈને ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. રાજ્યના આરોગ્ય કમિશનર જી. વીરપાંડિયને માહિતી આપતા જણાવ્યું કે ૨૬ જૂનથી ૧૬ જુલાઈ દરમિયાન રાજ્યમાં કોરોનાના કુલ ૧૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. નોંધાયેલા દર્દીઓમાંથી ૪ લોકોના મોત થયા હોવાનું પણ સામે આવ્યું છે. કોરોનાના નવા કેસો મળતા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર એલર્ટ મોડમાં આવ્યું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે કડપ્પાની RIMS હોસ્પિટલમાં ખાસ કોવિડ વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સાવચેતી રાખવા અને જરૂરી તકેદારી અપનાવવા અપીલ કરવામાં આવી છે.









# બગસરામાં જોરદાર વરસાદી ઝાંપટાથી રસ્તા પર પાણી ભરાયા

બગસરા,તા.૧૭

બગસરા શહેરમાં શુક્રવારના રોજ અષાઢી બીજના પાવન દિવસે મેઘરાજાએ જોરદાર હાજરી નોંધાવી હતી. છેલ્લા બે દિવસથી હળવા વરસાદી ઝાપટાં પડી રહ્યા હતા, ત્યારે શુક્રવારે સવારે વાતાવરણમાં ભારે બફારો અનુભવાતો હતો. સવારના આશરે ૧૧ વાગ્યે અચાનક જ ધોધમાર


તસવીર : મયુર પંડ્યા

વરસાદ શરૂ થયો હતો. માત્ર ૧૫ મિનિટના ટૂંકા ગાળામાં અંદાજે ૮ મીમી વરસાદ નોંધાતા શહેરના અનેક રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.વરસાદ એટલો તીવ્ર હતો કે કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમી તથા બફારાથી રાહત મળી હતી. બીજી તરફ, ખેતરોમાં ઉભેલા પાકને પણ આ વરસાદથી નવજીવન મળ્યું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. આ વરસાદથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

# ધારાસભ્ય મહેશ કસવાલાના પ્રયાસથી સા.કુંડલાના સુખનેરા ડેમમાં પહોંચ્યા નર્મદાના નીર

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે ઐતિહાસિક ક્ષણ સર્જાઈ છે. નાવલી નાની સિંચાઈ યોજના તરીકે ઓળખાતા સુખનેરા ડેમમાં સૌની યોજના લિંક-૪ ફેઝ-૨ અંતર્ગત નર્મદા નદીના પાણી પહોંચાડવામાં આવ્યા છે. આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પૂજન-અર્ચન



કરી નર્મદાના નીરનું વધામણું કર્યું હતું.જળસંપત્તિ વિભાગ દ્વારા પાઈપલાઈન મારફતે ડેમ સુધી પાણી પહોંચાડવાની કામગીરી પૂર્ણ થતાં ખેડૂતો અને ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. ડેમમાં પાણીનો સંગ્રહ વધતા આસપાસના કૂવા, બોર અને વાવના જળસ્તરમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળતાં શિયાળુ અને ઉનાળુ પાકમાં પણ લાભ થશે. કાર્યક્રમમાં ભાજપના આગેવાનો, જળસંપત્તિ વિભાગના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં અષાઢી બીજની ઉજવણી

અમરેલી,તા.૧૭



શિક્ષણ અને સંસ્કાર માટે સુવિખ્યાત શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૧૬ જુલાઈ ૨૦૨૬ના રોજ અષાઢી બીજ ઉત્સવ ઉજવાયો હતો. બાળકોને વિડીયો દ્વારા જગન્નાથજીની રથયાત્રાનું મહાતમ સમજાવી ભાવપૂજન કરાવાયું હતું. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ પ્રેરક હાજરી આપી કચ્છીઓના નવા વર્ષ વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ અષાઢ માસના ગીતો અને લોકસાહિત્યના દુહા રજૂ કર્યા હતા.

# શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ અમરેલી દ્વારા સન્માન સમારોહ યોજાયો

અમરેલી,તા.૧૭

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ અમરેલી સંચાલિત કર્મચારી મંડળ દ્વારા સરકારી અને રાજકીય ક્ષેત્રે પ્રગતિ કરનાર સમાજના ભાઈઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ એડવોકેટ કમલેશભાઈ સોલંકી,



શેખ પીપરીયા ગામના મેડિકલ ઓફિસર ડૉ. કાર્તિકભાઈ સોલંકી તથા હરેશભાઈ ગોહિલનું શાલ અને પુષ્પગુચ્છ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણ, મંત્રી અને કર્મચારી મંડળના પ્રમુખ સી. કે. ટાંક, સહમંત્રી અને સેવા સંઘના પ્રમુખ સુરેશભાઈ સોલંકી તેમજ ટ્રસ્ટીઓ જયંતીભાઈ મનાણી અને મનુભાઈ ટાંક સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેવા સંઘના પ્રમુખ સુરેશભાઈ સોલંકીએ જણાવ્યું કે સમાજનું ગૌરવ વધારનારા આ ભાઈઓની કામગીરી અન્ય લોકો માટે પ્રેરણારૂપ બનશે.

# નવોદય વિધાલય પરીક્ષા માટે ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

અમરેલી,તા.૧૭

જવાહર નવોદય વિધાલયમાં ધોરણ-૬માં પ્રવેશ મેળવવા માટેની જાહેરાત આવી ગઈ છે. જે પણ તેજસ્વી વિધાર્થીઓ આમાં એડમિશન લેવા માંગે છે તે લોકો ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ પરીક્ષા માટેની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૬ છે અને શુક્રવાર સુધી ફોર્મ ભરાશે. પરીક્ષાની તારીખ ૨૮ નવેમ્બર ૨૦૨૬ નક્કી કરેલું છે. ફોર્મ ભરવા માટે કોઈ પણ ફી નથી આપવાની બિલકુલ ફ્રી છે. વિધાર્થીઓએ પોતાના ફોટા અને સહી અપલોડ કરવા પડશે. ખોટી માહિતિ ભરશો તો ફોર્મ રિજેક્ટ થઈ જશે એટલે ધ્યાન રાખવું પડશે. જવાહર નવોદય વિધાલય મોટા ભંડારીયા અમરેલી ખાતે આવેલ છે. આ પરીક્ષા ખુબ મહત્વની છે અને ઓનલાઈન વેબસાઈટ પર બધી માહિતિ મળશે.

# લાઠીમાં સગર્ભા માતાઓ માટે પ્રોટીન કીટનું વિતરણ કરાયું

લાઠી,તા.૧૭

લાઠી અર્બન વિસ્તારમાં જોખમી સગર્ભા માતાઓને પૌષ્ટિક આહાર મળી રહે તેવા હેતુથી એક સરસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગર્ભસ્થ બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવા સારા ઉદ્દેશ્યથી પ્રોટીન કીટ વિતરણનું આયોજન થયું છે. લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોનીની હાજરીમાં આ બધી કીટો



મહિલાઓને આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ બહેનો ખૂબ ખુશ દેખાતી હતી અને પૌષ્ટિક આહાર મળવાથી તેમના આરોગ્યમાં સારો સુધારો થશે. આ પ્રકારના સુંદર કાર્યક્રમોથી સમાજમાં સગર્ભા બહેનોના સ્વાસ્થ્ય બાબતે જાગૃતિ વધશે.

# લાખાપાદરમાં ગીરગંગા દ્વારા જળસંચય જાગૃતિ બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૭

કુકાવાવ તાલુકાના લાખાપાદર ગામે જળસંચયના હેતુ સાથે તાજેતરમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય જાગૃતિ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ અને ગ્રામજનોને જળશક્તિનું મહત્વ સમજાવવા અને આગામી સમયમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે પાયાની ચર્ચાઓ કરવામાં આવી હતી.ભરતભાઈ ટીલવા (ડી.એલ. વાલ્વ) એ પણ પાણીના મહત્વ અને તેના કરકસરભર્યા ઉપયોગ વિશે ગ્રામજનોને વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પાણી એ માત્ર ખેતી માટે જ નહીં પરંતુ સમગ્ર જીવસૃષ્ટિનો આધાર છે. જળ સંચયના પ્રકલ્પો થકી જ ગામડાઓને આત્મનિર્ભર બનાવી શકાશે. ગ્રામજનોએ આ જળ અભિયાનને વેગ આપવા અને ટ્રસ્ટની કામગીરીમાં સાથ આપવાનો સંકલ્પ કર્યો હતો. ટ્રસ્ટના અગ્રણી ભાવેશભાઈ સખીયાએ જણાવ્યું હતું કે, ×ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં× રોકવું એ આજના સમયની સૌથી મોટી



જરૂરિયાત છે. જો આપણે અત્યારથી જ ચેકડેમો અને તળાવોના ઊંડા ઉતારવાના તેમજ રીચાર્જ કરવાના કાર્યોમાં સહભાગી નહીં થઈએ, તો આવનારી પેઢી માટે મોટું સંકટ ઊભું થશે. તેમણે ટ્રસ્ટ દ્વારા થતી કામગીરીની રૂપરેખા આપી લોકભાગીદારી વધારવા હાકલ કરી હતી.દિલીપભાઈ સખીયાએ નિર્દેશ કર્યો હતો કે, વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે ખેત તલાવડી, બોર રિચાર્જ અને ચેકડેમ જેવા માધ્યમો અપનાવવા અનિવાર્ય છે. જમીનમાં પાણીના તળ ઊંચા આવશે, ત્યારે જ સૌરાષ્ટ્ર અને ગુજરાત સાચા અર્થમાં સમૃધ્ધ બનશે. જળસંચય એ કોઈ વ્યક્તિગત કાર્ય નથી, પણ એક સામાજિક જવાબદારી છે.આ બેઠકમાં ગામના અનિલભાઈ ગજેરા, હરિભાઈ રવજીભાઈ ગજેરા, ઘનશ્યામભાઈ ગજેરા, પરેશભાઈ ગજેરા, સહિતના મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગમાં ટ્રસ્ટના ગીરધરભાઈ રૈયાણી, અરવિંદભાઈ ડોબરિયા, રમેશભાઈ ધાનાણી વગેરે હાજર રહ્યા હતા.

# ચલાલાની રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલમાં યોજાયેલી વાલી મીટિંગમાં દીકરીઓની પ્રગતિ અંગે ચર્ચા કરાઈ

ચલાલા,તા.૧૭

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ-ચલાલા ખાતે તાજેતરમાં હર્ષોલ્લાસ સાથે વાલી મીટિંગ યોજાઈ ગઈ હતી. ડૉ. રતિદાદા અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ કાર્યરત આ શાળા શિક્ષણની સાથે સંસ્કાર, શિસ્ત, કરાટે, આર્ચરી, ઘોડેસવારી અને રાઈફલ શૂટિંગ જેવી પ્રવૃત્તિઓ દ્વારા દીકરીઓને આત્મ નિર્ભર બનાવવાનો



પ્રયાસ કરે છે. દીપપ્રાગટ્ય અને ડૉ. રતિદાદાના આશીર્વચનથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વાલીઓને દીકરીઓની પ્રગતિ વિશે માહિતગાર કરાયા હતા. મહેશભાઈ મહેતાએ વાલીઓનું સ્વાગત કરી સંસ્થાનો ધ્યેય દીકરીઓને શ્રેષ્ઠ સંસ્કાર અને જીવનકૌશલ્યથી સજ્જ કરવાનો હોવાનું જણાવ્યું હતું. અંતમાં ભોજન વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ સફળ આયોજન માટે સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતા અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી, જેની વાલીઓએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

# રાજુલાની મહિલા કોલેજમાં લોકશાહી ઢબે વિદ્યાર્થી પ્રતિનિધિની ચૂંટણી યોજાઈ

રાજુલા,તા.૧૭

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ, રાજુલા ખાતે જી.એસ. અને સી.આર.ની ચૂંટણી લોકશાહી ઢબે યોજાઈ હતી. ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક પ્રચાર કર્યા બાદ નિયમો અનુસાર મતદાન પ્રક્રિયા


તસવીર : ગોપાલ રાઠોડ

પૂર્ણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ ગુપ્ત મતદાન પદ્ધતિથી પોતાના પ્રતિનિધિઓની પસંદગી કરી હતી. મતગણતરી બાદ કોમર્સ વિભાગમાંથી જાનવીબેન જગડા અને આર્ટ્સ વિભાગમાંથી આરતીબેન વાઘ જી.એસ. તરીકે ચૂંટાયા હતા. વિવિધ વર્ગોના સી.આર. તરીકે અન્ય વિદ્યાર્થીનીઓ પણ બહુમતીથી વિજેતા બની હતી. વિજેતાઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા. કોલેજના હોદ્દેદારો અને પ્રાધ્યાપકોએ સમગ્ર પ્રક્રિયાને બિરદાવી હતી. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં લોકશાહી વ્યવસ્થા અને નેતૃત્વ ગુણોનો વિકાસ કરવાનો હતો.










**વેપારીઓને પડતી મુશ્કેલી દૂર કરવા માંગ કરાઈ**

# અમરેલીના વેપારી એસોસિએશને ખરાબ માર્ગોની તાત્કાલિક મરામત કરવા નગરપાલિકાને પત્ર લખ્યો

**ખખડધજ રસ્તાને કારણે વેપારીઓની સાથે ગ્રાહકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે**

અમરેલી,તા.૧૭

અમરેલીના ઈન્દીરા શોપીંગ સેન્ટર એન્ડ વેજીટેબલ માર્કેટ વેપારી એશોસીયન દ્વારા નગરપાલિકાના ચીફ ઓફીસરને લેખિત પત્ર પાઠવીને શહેરના મુખ્ય રસ્તાઓની તાત્કાલિક મરામત કરવા બાબતે રજૂઆત કરવામાં આવી છે.

વેપારી એસોસિએશન વતી યોગેશભાઈ કોટેચા દ્વારા મોકલવામાં આવેલા આ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, અમરેલી શહેરમાં આવેલા મુખ્ય વેપારી એરિયાના માર્ગો એકદમ ખરાબ થઈ ગયા છે, જેથી તેની તાકીદે મરામત કરવી જરૂરી છે. પત્રમાં ખાસ ઉલ્લેખ કરાયો છે કે, લાઈબ્રેરી રોડ-નાગનાથ ચોકથી ટાવર સુધીનો રસ્તો, હરી રોડ અને રામજી મંદિર રોડ વગેરે જેવા તમામ રસ્તાઓ વેપારીઓથી ધમધમતા મુખ્ય માર્ગો છે અને હાલમાં ખૂબ જ બિસ્માર સ્થિતિમાં છે. વેપારી સમાજ વતી નગરપાલિકા સમક્ષ વિનંતી કરવામાં આવી છે કે વેપારીઓની આ માંગણીને યોગ્ય સમજીને આ તમામ ખરાબ માર્ગોનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવામાં આવે જેથી વેપાર-રોજગારમાં મુશ્કેલી ન પડે.

# કુંકાવાવ-વડિયામાં આધુનિક APMC માટે જમીન ફાળવવાનો સરકારનો મહત્વનો નિર્ણય

**આધુનિક બજાર સમિતિથી ખેડૂતોને મળશે નવી સુવિધાઓ**

કુંકાવાવ,તા.૧૭


રાજ્ય સરકારના મંત્રીમંડળે કુંકાવાવ-વડિયા વિસ્તારના ખેડૂતોને આધુનિક કૃષિ બજારની સુવિધાઓ આપવા માટે મોજે કુંકાવાવ મોટી ખાતે ૭ વિઘા જમીન નવી મંજૂર થયેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)ને ફાળવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ નિર્ણયથી APMCનું આધુનિક સંકુલ વિકસાવવાનો માર્ગ મોકળો થયો છે, જેનાથી ખેડૂતોને ઉપજના વેચાણ માટે વધુ સુવિધાજનક, પારદર્શક અને સુવ્યવસ્થિત વ્યવસ્થાનો લાભ મળશે. અમરેલીના ધારાસભ્ય



અને રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું કે ખેડૂતોને ગામની નજીક આધુનિક કૃષિ માર્કેટિંગની સુવિધા આપવી એ સરકારની પ્રાથમિકતા છે. આ નિર્ણય સમગ્ર વિસ્તારના ખેડૂતો માટે લાભદાયી સાબિત થશે અને કૃષિ ક્ષેત્રના માળખાકીય વિકાસને નવી દિશા આપશે. મંત્રીએ આ ઐતિહાસિક નિર્ણય બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ૨૨ જુલાઈએ ભુરખિયા હનુમાનજી મંદિરે શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજીનું થશે આગમન

અમરેલી,તા.૧૭



દામનગરના સુપ્રસિધ્ધ ભુરખિયા હનુમાનજી મંદિરે ૨૨ જુલાઈ, બુધવારના રોજ જગતગુરુ શંકરાચાર્ય પૂજ્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ પધારશે. તેઓ સવારે ૧૧ કલાકે મંદિરે પહોંચશે. આ પ્રસંગે મંદિરના નવનિર્માણ કાર્યને સફળ બનાવવા માટે આશીર્વાદ, દિવ્ય માર્ગદર્શન અને સૂચનો આપશે. ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટે ભક્તજનોને સ્વાગત સમારોહમાં જોડાઈ દર્શન, વંદન અને આશીર્વાદનો લાભ લેવા આમંત્રણ આપ્યું છે.

# લીલિયાની સરકારી કૉલેજમાં મહિલા સુરક્ષા વિષયક વ્યાખ્યાન યોજાયું

લીલીયા,તા.૧૭

લીલીયાની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજમાં CWDC, સમાજશાસ્ત્ર વિભાગ અને એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે મહિલા સુરક્ષા, લિંગભેદ અને કાર્યસ્થળે થતી જાતીય સતામણી જેવા વિષયો પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. મુખ્ય વક્તા તરીકે બાબરા કૉલેજના અધ્યાપક



ડૉ. રાધિકાબેને મહિલા અધિકારો, સ્ત્રી-પુરુષ સમાનતા અને કાયદાકીય જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપતાં વિદ્યાર્થીઓને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને કૉલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડે પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ડૉ. વિરાજબેન રાઠોડ, ડૉ. મહેશ ગઢીયા, ડૉ. પ્રદીપ બલોલીયા તથા એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરે પણ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# અમરેલીમાં જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા-૨૦૨૬નું કરાયુ આયોજન

**૨૭ જુલાઈ સુધી ઓનલાઈન નોંધણી, વિજેતાઓને રાજ્ય કક્ષા સુધી પહોંચવાની તક**

અમરેલી,તા.૧૭

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગાસન સ્પર્ધા-૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન ૧ અને ૨ ઓગષ્ટે કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં ૯થી ૧૬ વર્ષ, ૧૭થી ૩૫ વર્ષ, ૩૬ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો તેમજ GSYBના કોચ અને ટ્રેનરો ભાગ લઈ શકશે. જિલ્લા કક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા સ્પર્ધકોને ઝોન અને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે. તમામ સ્પર્ધકોને ડિજિટલ સર્ટિફિકેટ આપવામાં આવશે, જ્યારે વિજેતાઓને રોકડ ઈનામ અને પ્રમાણપત્રથી સન્માનિત કરાશે. યોગ કોઓર્ડિનેટર સાગર મહેતાએ વધુમાં વધુ યોગપ્રેમીઓને જોડાવા અનુરોધ કર્યો છે. નોંધણીની છેલ્લી તારીખ ૨૭ જુલાઈ છે.

# સા.કુંડલાની કાણકિયા કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વેલકમ ડેનું આયોજન

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલાની વી. ડી. કાણકિયા આર્ટ્સ એન્ડ એમ. આર. સંઘવી કોમર્સ કોલેજમાં પ્રથમ વર્ષના આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ એટલે કે વેલકમ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું.



પ્રિન્સિપાલ ડૉ. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રિન્સિપાલશ્રીએ વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાઈ વ્યક્તિત્વ અને કારકિર્દી ઘડતર માટે પ્રેરણા આપી હતી. અધ્યાપકોએ પોતાના વિષય તથા વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે સાયકોલોજી વિષયના નવા નિમણૂક પામેલા પ્રો. પ્રાંજલ વ્યાસનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. કલ્પેશ રાડિયાએ કર્યું હતું.

# સા.કુંડલામાં પ્રથમવાર સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ

અમરેલી,તા.૧૭

સાવરકુંડલા જેસર રોડ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા શહેરમાં પ્રથમવાર ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજીનું પૂજન, અર્ચન અને મહાઆરતી કોઠારી સ્વામી અક્ષરમુક્તદાસજી, ડાયરેક્ટર ગિરીશભાઈ વ્યાસ તથા પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. અષાઢી બીજ નિમિતે ગુરુકુળ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો, નૃત્ય અને ભજનની રજૂઆત આચાર્ય કૌશિકભાઈ ગોસ્વામી દ્વારા કરવામાં આવી હતી. રથયાત્રા



ગુરુકુળથી પ્રસ્થાન કરી શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી. યાત્રા દરમિયાન જરૂરિયાતમંદ પરિવારોને વસ્ત્રદાન અને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ સમર્પણ ગૌશાળામાં ગાયોને ઘાસચારો અર્પણ કરવામાં આવ્યો હતો.

**-// મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગીરગઢડા //-**

નં. જન્મ-મરણ કેસ.નં. 64/2026 — તા. ૧૪/૦૭/૨૦૨૬

(૧) ગીરગઢડા બાલુભાઈ જીવરાજભાઈ ભાલાળા
રહે.ખિલાવડ, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
............અરજદાર

**વિરૂધ્ધ**

(૧) રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ખિલાવડ, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ખિલાવડ ગામના રહીશ બાલુભાઈ જીવરાજભાઈ ભાલાળા તથા કમળાબેન બાલુભાઈ ભાલાળાના પુત્રીપુત્રી ભારતીબેન બાલુભાઈ ભાલાળાનો જન્મ તારીખ.15/06/1971ના રોજ ગીરગઢડા તાલુકાના ખિલાવડ ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ખિલાવડ તાલુકો-ગીરગઢડા સને-1971 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

# બાબરામાં વેલનાથ બાપુની જન્મજયંતિ ઉત્સવની ઉજવણી

બાબરા,તા.૧૭



તસવીર :વિજય માળી

બાબરા શહેરમાં વેલનાથ બાપુની જન્મજયંતિ નિમિત્તે જય વેલનાથ પ્રગતિ મંડળ અને ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ચિતલ રોડ પર આવેલા વેલનાથ બાપુના મંદિરેથી એક ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું, જેનું શહેરના મુખ્ય માર્ગો પર ભક્તો દ્વારા પુષ્પવર્ષા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા બાદ મંદિર પરિસરમાં મહાપ્રસાદનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન સમાજમાં એકતા, સેવા, શિક્ષણ અને સંસ્કારના મૂલ્યોને મજબૂત કરવાની પ્રેરણા આપવામાં આવી હતી. સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે આયોજકો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી, જેને સમાજના અગ્રણીઓએ બિરદાવી હતી.

**નામ બદલાવેલ છે**

આથી હુ નીચે સહી કરનાર સંગીતાબેન હરસુખભાઈ સોજીત્રા જાહેર કરૂ છું કે મે મારૂ નામ ચંદ્રિકાબેન હરસુખ સોજીત્રા માંથી સંગીતાબેન હરસુખભાઈ સોજીત્રા બદલાવેલ છે. હવેથી હું સંગીતાબેન હરસુખભાઈ સોજીત્રા તરીકે ઓળખાઈશ.

સહી :- સંગીતાબેન હરસુખભાઈ સોજીત્રા
સરનામું :- સુરગેશ્વર રોડ, કુષ્ણપરા,
મુ. વડીયા, તા. કુંકાવાવ,
જી. અમરેલી પીન નં. ૩૬૫૪૮૦.

**-// મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગીરગઢડા //-**

નં. જન્મ-મરણ કેસ.નં. 72/2026 — તા. ૧૩/૦૭/૨૦૨૬

(૧) સંજય દેવાભાઈ સોરઠીયા
રહે.ગીરગઢડા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
............અરજદાર

**વિરૂધ્ધ**


(૧) રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ગીરગઢડા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ગીરગઢડા ગામના રહીશ સોરઠીયા સંજય દેવાભાઈ તથા સોરઠીયા પાયલ સંજયના પુત્રી ખુશીબેન સંજય સોરઠીયાનો જન્મ તારીખ.23/12/2022ના રોજ ગીરગઢડા તાલુકાના ગીરગઢડા ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ગીરગઢડા તાલુકો-ગીરગઢડા સને-2022 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૭/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.217/2026
જન્મ તારીખ : 18/04/1994

લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહિમભાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - મુળ દ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહિમભાઈ, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહિમભાઈ તથા લુચ્ચાણી ફાતમાબેન અબુભાઈ ના પુત્ર લુચ્ચાણી શાહીદ અબુભાઈનો જન્મ તારીખ.18/08/1994 ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
લેડીઝ/જેન્ટસ



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# અમરેલીમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટને વેગ આપવા કેન્દ્ર સરકારને રજૂઆત

અમરેલી, તા. ૧૭

અમરેલીમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટના વિકાસને પ્રાથમિકતા આપી તેના અમલીકરણમાં ઝડપ લાવવા માટે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિન્જરાપુ રામમોહન નાયડુને પત્ર લખી રજૂઆત કરી છે. પત્રમાં જણાવાયું છે કે અમરેલી જિલ્લો સૌરાષ્ટ્રનો મહત્વપૂર્ણ કૃષિ અને લઘુ ઉદ્યોગ કેન્દ્ર હોવા છતાં હવાઈ કનેક્ટિવિટીના અભાવે વિકાસની ગતિ મર્યાદિત રહી છે.રજુઆતમાં જણાવાયું છે કે કેન્દ્ર સરકારની ‘ઉડાન’ યોજના હેઠળ અમરેલીમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકસાવવામાં આવે તો હીરા ઉદ્યોગ, કૃષિ ઉત્પાદનોની નિકાસ, પર્યટન અને સ્થાનિક રોજગારીને મોટો



ફાયદો થશે. ગીર અભ્યારણ્ય, સોમનાથ, તુલસીશ્યામ અને ધારી-ગીર જેવા પર્યટન સ્થળો સુધી પહોંચ વધુ સરળ બનશે.

પત્રમાં વધુમાં ઉલ્લેખ કરાયો છે કે એરપોર્ટ માટેની ફિઝિબિલિટી રિપોર્ટ અને ટેકનિકલ સર્વે બે વર્ષ પહેલાં પૂર્ણ થઈ ચૂક્યા હોવા છતાં હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી શરૂ થઈ નથી. આથી પ્રોજેક્ટને ઝડપથી મંજૂરી આપી અમરેલીના નાગરિકોને ‘ઉડાન’ યોજનાનો લાભ અપાવવાની માંગ કરવામાં આવી છે.

# બાબરા તાલુકાના નાની કુંડળ ગામેથી દેશી બનાવટની બંદૂક સાથે એક શખ્સ ઝડપાયો

બાબરા, તા. ૧૭

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ગેરકાયદેસર હથિયારો સામે ચલાવવામાં આવી રહેલા અભિયાન અંતર્ગત એસઓજી ટીમને મહત્વની સફળતા મળી છે. બાબરા તાલુકાના નાની કુંડળ ગામ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે દરોડા પાડી એક વ્યક્તિને દેશી બનાવટની બંદૂક



સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે મનજીભાઈ સવાભાઈ ઓળકિયાને ઝડપી પાડી તેની પાસેથી અંદાજે રૂ. ૧,૦૦૦ ની કિંમતની હાથ બનાવટની દેશી જામગરી બંદૂક કબ્જે કરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન હથિયાર અંગે વધુ માહિતી મેળવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે આ કેસમાં અન્ય એક આરોપી રહમ્મતભાઈ ઉકાભાઈ ઓળકિયાને વોન્ટેડ જાહેર કર્યો છે અને તેની શોધખોળ શરૂ કરી છે.

# લાઠીના જરખીયા ગામે માતાજીના મંદિરમાંથી રૂ. ૪૦ હજારની ચોરી

**તસ્કરોએ મંદિરોને નિશાન બનાવતા ભાવિકોમાં ઉગ્ર રોષ**

લાઠી, તા.૧૭

લાઠીના જરખીયા ગામે માતાજીના મંદિરમાંથી રૂ. ૪૦ હજારની ચોરી થઈ હતી. રમેશભાઈ ડાયાભાઈ બરવાળીયા (ઉ.વ.૬૦) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે અજાણ્યો ચોર ઈસમ તેમના બરવાળીયા પરીવારના મંદિરમાં પ્રવેશ કરી મંદિરના દરવાજાની સ્ટીલની જાળીમાં તાળું માર્યું હતું, તે તાળું તોડી દાન પેટીમાં રહેલી અંદાજે રોકડ રૂ.૪૦,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

# રાજુલાના પંથકમાં સગીરા પર સગીરે દુષ્કર્મ આચરતા ખળભળાટ

**દુષ્કર્મ ગુજાર્યા બાદ કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી**

રાજુલા, તા.૧૭

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં એક સગીરા પર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. આ મામલે ભોગ બનનાર સગીરાના વાલી દ્વારા સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.પરિવારજનોએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ભોગ બનનાર સગીરા પોતાના ઘરની નજીક આવેલી બાવળની ઝાડીમાં કુદરતી હાજતે ગઈ હતી.

તે દરમિયાન ત્યાં ટાંપીને બેઠેલો કાયદાના સંઘર્ષમાં આવેલો એક કિશોર તેની પાછળ ગયો હતો. તેણે સગીરાનું બાવડું પકડી બળજબરીપૂર્વક બાવળની કાંટમાં ખેંચી લીધી હતી. સગીરાએ પોતાની નાની ઉંમરની વાત કરીને કરગરી હોવા છતાં, કિશોરે તેને નીચે પછાડી દીધી હતી અને સગીરાની મરજી વિરુધ્ધ દુષ્કર્મ ગુજાર્યું હતું. આ કિશોરે અગાઉ પણ એક વખત સગીરા સાથે આ જ પ્રકારે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં, કિશોરે ભોગ બનનારને ધમકી આપી હતી કે જો આ અંગે કોઈને પણ વાત કરશે તો તેને જાનથી મારી નાખવામાં આવશે. હાલ રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી. એમ. કાલોદરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લીલીયા તાલુકા ભાજપ સંગઠનમાં હોદ્દેદારોની નવી નિમણૂંકો કરાઈ

અમરેલી,તા.૧૭



લીલીયા તાલુકા ભાજપ સંગઠનમાં ખાલી પડેલા હોદ્દાઓ પર નવી નિમણૂકો કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ, જિલ્લા ભાજપ અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ તાલુકા પ્રમુખ આનંદ ધાનાણી દ્વારા અટલધારા કાર્યાલય ખાતે નિમણૂકો કરવામાં આવી હતી. કિરીટભાઈ રવાણીને મંત્રી, અતુલભાઈ દવેને મંત્રી તથા અશોકભાઈ ભલાળાને કોષાધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. નવી ટીમથી સંગઠનને વધુ મજબૂતી મળશે તેવી આશા વ્યક્ત કરાઈ હતી.

# બગસરાના હામાપુર ગામેથી ૫, અમરેલીમાંથી ૩ શકુની ઝડપાયા

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લા પોલીસે અલગ-અલગ બે સ્થળોએ દરોડા પાડીને કુલ ૭ જુગારીઓને હારજીતનો જુગાર રમતા ઝડપી પાડ્યા હતા.પ્રથમ દરોડામાં, અમરેલીના કુકાવાવ રોડ પર આવેલા નાયરા પેટ્રોલ પંપની બાજુમાં જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમતા સરફરાજ હનીફભાઈ નગરીયા, જીજ્ઞેશભાઈ ચોથાભાઈ પરમાર અને સન્નીભાઈ ગોપીભાઈ રાઠોડને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. આ ત્રણેય ઈસમો પાસેથી પોલીસે રોકડા રૂ. ૧૩,૦૫૦ જપ્ત કર્યા હતા.બીજા દરોડામાં, બગસરા તાલુકાના હામાપુર ગામની સીમ વિસ્તારમાં આવેલી વાડીની ઓરડી પાસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમી રહેલા હનીફભાઈ હસનભાઈ ગરાણા, સંજયભાઈ ભીખુભાઈ અમીપરા, ચેતનભાઈ રમણીકભાઈ પરમાર અને વિનુભાઈ રવજીભાઈ રંગાણીને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે રેઈડ દરમિયાન આ ચારેય શખ્સો પાસેથી રોકડા રૂ. ૫૦,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીમાં કોન્ટ્રાક્ટર પાસેથી દારૂની ૧૯ બોટલ મળી આવી

અમરેલી, તા. ૧૭

અમરેલીમાં કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા એક કોન્ટ્રાક્ટરના ઘરેથી પોલીસે વિદેશી દારૂની ૧૯ બોટલો ઝડપી પાડી છે.પોલીસ બાતમીના આધારે અમરેલીમાં રહેતા રોહનભાઈ ઉર્ફે રાજુ અરવિંદભાઈ બોરીચા (ઉ.વ. ૩૭)ના રહેણાંક મકાને દરોડો પાડ્યો હતો. જ્યાંથી પોલીસને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૯ બોટલ મળી આવતા પોલીસે રૂ. ૧૩,૦૩૪નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.આ ઉપરાંત, અમરેલી પોલીસે ચિતલ ગામે મોણપુર રોડ પરથી ૩ લીટર અને દેવભૂમિ દેવળીયા ગામેથી ૩ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. જ્યારે અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ચાર લોકો કેફી પીણું પીધેલી હાલતમાં નશામાં ધૂત થઈને ફરતા મળી આવતા પોલીસે તેમની પણ અટકાયત કરી હતી.

# ભત્રીજો કામધંધો કરતો ન હોવાથી સમજાવવા જતાં કાકીને ઢીકાપાટુ માર્યા

રાજુલા, તા.૧૭

રાજુલાના ધારેશ્વર ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભત્રીજો કોઈ કામધંધો કરતો ન હોવાથી તેને સમજાવવા ગયેલાં કાકીને ભત્રીજાએ ઢીકાપાટુ વડે માર માર્યો હતો. આ બનાવ અંગે કુંવરબેન રાઘવભાઈ વિંજુડા (ઉ.વ.૫૦)એ પ્રવિણ ઉર્ફે જગા દુર્લભભાઈ વિંજુડા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેઓ અને તેમના દિયર એક જ ફળિયામાં બાજુ-બાજુમાં રહે છે.

તેમના દિયરનો દીકરો કોઈ કામકાજ કરતો ન હોવાથી તેને આ બાબતે સમજાવવા જતાં તેણે ઢીકાપાટુ વડે મૂંઢમાર માર્યો હતો. ઉપરાંત લાકડી વડે માથામાં એક ઘા મારી ઈજા પહોંચાડી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. કે. વરૂ આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

**રાજુલાના ધારેશ્વર ગામની ઘટના**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૧૮-૦૭-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૩૪,
સૂર્યાસ્ત-૦૭:૧૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વફાલ્ગુની

## દૈનિક રાશિફળ

**તા.૧૮-૦૭-૨૦૨૬ — શનિવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

# રાજુલાના કડીયાળી ગામે ખોવાયેલો ફોન મળ્યા બાદ પરત માંગતા ગાળો આપી

રાજુલા, તા. ૧૭

રાજુલા તાલુકાના કડીયાળી ગામે ખોવાયેલો ફોન પાછો માંગવા જેવી સામાન્ય બાબતે એક યુવક પર હુમલો કરી, લોખંડના પાઈપ વડે માર મારવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે રમેશભાઈ આતુભાઈ બારૈયા (ઉ.વ. ૩૫)એ મનસુખભાઈ સોમાતભાઈ બારૈયા તથા હરેશભાઈ સોમાતભાઈ બારૈયા સામે રાજુલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, રમેશભાઈનો જિયો કંપનીનો કીપેડવાળો મોબાઈલ ફોન ખોવાઈ ગયો હતો, જે મનસુખભાઈ બારૈયાને મળ્યો હતો. રમેશભાઈએ પોતાનો ફોન પાછો માંગતા મનસુખભાઈએ ફોન આપવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ આ વાતની દાઝ રાખીને મનસુખભાઈ અને હરેશભાઈએ રમેશભાઈને લોખંડના પાઈપ વડે શરીરે આડેધડ માર માર્યો હતો. આ હુમલામાં રમેશભાઈને ડાબા હાથે તથા પીઠ (વાંસા)ના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ સાથે જ બંને આરોપીઓએ તેમને જેમ તેમ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. રાજુલા પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

# જિલ્લામાં ૭ મહિલા સહિત ૨૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જેમાં ૭ મહિલાઓ પણ હતી. વડિયાના ઢુંઢીયા પીપળીયા ગામની સીમમાંથી ૫૦ લીટર દેશી દારૂ પકડાયો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૮ લોકો પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# રાજકોટનો પુરુષ અમરેલીમાંથી લાપતા બન્યો

અમરેલી, તા.૧૭

રાજકોટમાં રહેતા કમલભાઈ વિરેન્દ્રભાઈ પરબતાણી (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, વિરેન્દ્રભાઈ સવજીભાઈ પરબતાણી (ઉ.વ.૫૬) અમરેલી સીટી પેલેસ હોટલ, બસ સ્ટેન્ડની બાજુમાંથી કહ્યા વગર ક્યાંક જતો રહ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે એસ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના લુણકી ગામની પરિણીતા પર સુરત અને યુપીમાં સાસરિયાંનો ત્રાસ

બાબરા, તા.૧૭

બાબરા તાલુકાના લુણકી ગામની પરિણીતા પર સુરત અને ઉત્તર પ્રદેશ (UP) માં શારીરિક-માનસિક અત્યાચાર ગુજારવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે દિવ્યાબેન મનુભાઈ ગેલાણી (ઉ.વ.૩૦)એ તેમના સુરત સ્થિત પતિ શરદભાઈ પરેશભાઈ દિયોરા, સસરા પરેશભાઈ દિયોરા તથા માસાસાસુ જીજ્ઞાબેન દિયોરા સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, લગ્ન બાદ આશરે પોણા બે વર્ષના સમયગાળા દરમિયાન પતિ શરદભાઈ, સસરા પરેશભાઈ અને માસાસાસુ જીજ્ઞાબેને કરિયાવર બાબતે મેણાં-ટોણાં મારી પરિણીતાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપ્યો હતો. એટલું જ નહીં, પરિણીતા જ્યારે પિયર (માવતર) આવતી હતી ત્યારે પતિએ તેને માર મારી, ગાળો આપી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વિશાલભાઈ એન. જાની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લીલીયામાં બે સ્થળેથી ૯ જુગારીઓ રૂ. ૪૧,૯૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

લીલીયા, તા. ૧૭

લીલીયા પોલીસે અલગ-અલગ બે જગ્યાએ દરોડા પાડીને કુલ ૯ જુગારીઓને રૂ. ૪૧,૯૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

પ્રથમ દરોડામાં, લીલીયાની જુની ધામતશેરી વિસ્તારના પાળા પાસે જાહેરમાં જુગાર રમતાં કાળુભાઈ દેવશીભાઈ વાઘેલા, રમેશભાઈ ઉર્ફે દુટ્ટો નાથાભાઈ ઝિઝુંવાડિયા તથા વિકુભાઈ કમાભાઈ વાઘેલા રોકડા રૂ. ૮૭૦ સાથે રંગેહાથ ઝડપાયા હતા.જ્યારે બીજા દરોડામાં, લીલીયાના મફત પ્લોટ સિવિલ પરા વિસ્તારમાંથી મુસ્તાકભાઈ ઉર્ફે દિપલો દિલુભાઈ બેલીમ, દિલાવરભાઈ સીકંદરભાઈ પઠાણ, હાજીભાઈ અલીભાઈ બાંભણીયા, રજાકભાઈ કાળુભાઈ ચાવડા, સલામતભાઈ હસનભાઈ સુમરા તથા શાંતીભાઈ પરશોતમભાઈ બગડા જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે રેઈડ દરમિયાન આ શખ્સો પાસેથી કુલ રોકડા રૂ. ૪૧,૧૦૦ જપ્ત કર્યા હતા.

**તંત્રી લેખ**

# સંસદની કાર્યવાહી સહજ અને સરળ બને તે જરૂરી

ભારતીય લોકતંત્રની સૌથી મોટી શક્તિ સંવાદ છે. સંસદનું દરેક સત્ર દેશના વિકાસ માટે નવા વિચારો રજૂ કરવાની તક આપે છે. હાલ શરૂ થનારા સંસદના ચોમાસુ સત્રને લઈને રાજકીય પક્ષો પોતાની તૈયારી કરી રહ્યા છે. સરકાર અને વિરોધ પક્ષ બંને મહત્વના મુદ્દાઓ પર ચર્ચા માટે સજ્જ દેખાઈ રહ્યા છે. આ સ્થિતિ લોકતંત્ર માટે સારો સંકેત છે.

લોકશાહીની પરંપરા છે કે દરેક વ્યક્તિને પોતાનો મત પોતાના વિચારો વ્યક્ત કરવાનો સંપૂર્ણ આધાર છે પરંતુ તેનો સૌથી મોટો દુર ઉપયોગ સંસદમાં થઈ રહ્યો છે સંસદની કાર્યવાહી સરળ રીતે ચાલવી જોઈએ પરંતુ વિરોધ પક્ષો બધા એક થઈને સંસદને ચાલવા દેતા નથી પરિણામે રાષ્ટ્રને ખૂબ મોટું નુકસાન થાય છે આ બાબતમાં દરેક સંસદનું સત્ર શરૂ થતા પહેલા વિરોધ પક્ષોને આ બાબતની જાણ કરવામાં આવે છે આમ છતાં હજુ સુધી એ પણ સંસદનું સત્ર એવું નથી ગયું કે જેની અંદર વિરોધ પક્ષોએ બૂમ ભરાડા પાડીને સંસદની કાર્યવાહી રોકી હોય એક સમય એવો હતો જ્યારે સંસદની કાર્યવાહી સરળ રીતે ચાલતી જો કે વિરોધ પક્ષોનો અવાજ તો હતો જ પરંતુ સંસદ બરખાસ્ત કરવી પડે તેવા સંજોગો ઓછા બનતા પરંતુ હવે વિરોધ પક્ષો સત્તા વિહોણા હોવાથી આક્રમક બન્યા છે અને સંસદને ચાલવા નથી દેતા લોકશાહીની આ સૌથી મોટી ખામી છે.

રાજકારણમાં મતભેદ હોવા છતાં રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર સહમતી બનાવવાનો પ્રયાસ થવો જોઈએ. દેશના વિકાસ માટે તમામ પક્ષોનું યોગદાન જરૂરી છે. સરકાર પાસે નિર્ણય લેવાની જવાબદારી હોય છે, જ્યારે વિરોધ પક્ષ પાસે રચનાત્મક સૂચનો આપવાની જવાબદારી હોય છે. બંને પોતાની ભૂમિકા સારી રીતે નિભાવે ત્યારે લોકશાહી વધુ મજબૂત બને છે.

આજનો મતદાર પણ પહેલાં કરતાં વધુ જાગૃત બન્યો છે. તે વિકાસ, પારદર્શિતા અને પરિણામને મહત્વ આપે છે. લોકો ઈચ્છે છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સંસદમાં સકારાત્મક ચર્ચા કરે. તેઓ પોતાના વિસ્તારના પ્રશ્નો અસરકારક રીતે રજૂ કરે. આ બદલાતી અપેક્ષા રાજકીય પક્ષોને વધુ જવાબદાર બનાવે છે.

ડિજિટલ યુગે રાજકારણમાં પારદર્શિતા વધારી છે. સંસદની કાર્યવાહી લોકો સરળતાથી જોઈ શકે છે. મહત્વના બિલ અંગે માહિતી ઝડપથી લોકો સુધી પહોંચે છે. સોશિયલ મીડિયા અને ડિજિટલ માધ્યમો દ્વારા જનતા પોતાના વિચારો પણ વ્યક્ત કરે છે. આથી લોકતંત્ર વધુ ભાગીદારીવાળું બન્યું છે.

ભારત આજે વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ઓળખાય છે. આ સ્થાન જાળવી રાખવા માટે સંવાદ, સહકાર અને જવાબદારી ખૂબ જરૂરી છે. રાજકીય પક્ષો વચ્ચે તીવ્ર ચર્ચા થઈ શકે, પરંતુ અંતિમ ધ્યેય દેશનો વિકાસ અને જનકલ્યાણ હોવો જોઈએ. આ ભાવના લોકશાહીને નવી ઊંચાઈ આપે છે.

આગામી સંસદીય સત્ર પાસેથી દેશવાસીઓને પણ ઘણી આશાઓ છે. વિકાસલક્ષી નિર્ણયો ઝડપથી આગળ વધે, જનહિતના પ્રશ્નોનો ઉકેલ મળે અને રચનાત્મક ચર્ચા દ્વારા નવા માર્ગ ખુલ્લા થાય તેવી અપેક્ષા છે. જો સરકાર અને વિરોધ પક્ષ બંને સકારાત્મક દૃષ્ટિકોણ સાથે આગળ વધશે તો લોકતંત્ર વધુ મજબૂત બનશે અને ભારતના વિકાસને નવી ગતિ મળશે. આ જ સાચા અર્થમાં લોકશાહીની સફળતા ગણાશે.

# આલ્કોહોલ મિશ્રિત પેટ્રોલના કારણે વાહનમાં સર્જાતી ટેકનિકલ સમસ્યાનો ઉકેલ શક્ય છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**




ભારતની ઉર્જા નીતિમાં તાજેતરનું સૌથી મોટું પરિવર્તન ઈ-૨૦ પેટ્રોલના આગમન સાથે આવ્યું છે. કેન્દ્ર સરકારે પ્રદૂષણ ઘટાડવા, પેટ્રોલિયમની આયાત પરનો ભાર ઓછો કરવા અને ખેડૂતોને ઈથેનોલ માટે વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી આ ઈંધણ મિશ્રણને ઝડપથી અમલમાં મૂક્યું છે. આજે દેશના મોટાભાગના પેટ્રોલ પંપો પર ઈ-૨૦ પેટ્રોલ સરળતાથી ઉપલબ્ધ છે. વાહન ઉત્પાદક કંપનીઓ પણ તેમની નવી કાર ઈ-૨૦ સુસંગત બનાવી રહી છે, જેથી ગ્રાહકોને નવી ટેકનોલોજી અપનાવવામાં કોઈ તકલીફ ન પડે. પરંતુ જ્યાં એક તરફ આ પરિવર્તન પર્યાવરણ અને અર્થતંત્ર માટે લાભદાયી માનવામાં આવે છે, ત્યાં બીજી તરફ ઘણા વાહનમાલિકોએ ઈ-૨૦ પેટ્રોલના ઉપયોગ બાદ એન્જિનમાં ખામી, માઈલેજમાં ઘટાડો, ઈંધણ પ્રણાલીમાં સમસ્યા અને સ્ટાર્ટિંગની તકલીફો જેવી ગંભીર ફરિયાદો નોંધાવી છે. તાજેતરમાં આવી જ એક ફરિયાદના પગલે ગ્રાહક ફોરમે કાર ઉત્પાદક કંપનીને ગ્રાહકને નવી કાર આપવા અથવા લગભગ વીસ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ ચુકાદાએ ઈ-૨૦ પેટ્રોલની સ્વીકાર્યતા અને તેના અમલીકરણની પદ્ધતિ અંગે સમગ્ર દેશમાં નવી ચર્ચાને જન્મ આપ્યો છે.

આ માત્ર એક ગ્રાહકની જીત નથી, પરંતુ આ સમગ્ર ઘટના વાહન ઉત્પાદકો, પેટ્રોલિયમ કંપનીઓ અને સામાન્ય ગ્રાહકો માટે એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે. આ સંદેશ એ છે કે જ્યારે નવી ટેકનોલોજી રજૂ કરવામાં આવે ત્યારે તેની સંપૂર્ણ માહિતી, યોગ્ય માર્ગદર્શન અને તકનીકી તૈયારી એટલી જ જરૂરી છે જેટલો તે ટેકનોલોજીનો વિકાસ. જો નવી નીતિ સાથે લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તો જ તેનો લાંબા ગાળે સફળ અમલ શક્ય બને છે.

ઈ-૨૦ પેટ્રોલ એટલે શું? આ પ્રશ્નનો જવાબ આજે ઘણા લોકો જાણતા નથી, જ્યારે કોઈપણ ટેકનોલોજીનો ઉપયોગ કરતા પહેલા તેને સમજવી અત્યંત આવશ્યક છે. ઈ-૨૦ પેટ્રોલ એટલે એવું ઈંધણ જેમાં ૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા સામાન્ય પેટ્રોલનું મિશ્રણ હોય છે. ઈથેનોલ એક પ્રકારનું આલ્કોહોલ આધારિત બાયો-ફ્યુઅલ છે, જે મુખ્યત્વે શેરડીના રસ, મોલાસિસ, મકાઈ અને અન્ય કૃષિ પાકોમાંથી બનાવવામાં આવે છે. આ ઈંધણને પર્યાવરણ માટે વધુ અનુકૂળ માનવામાં આવે છે કારણ કે તેના ઉપયોગથી કાર્બન ઉત્સર્જન નોંધપાત્ર રીતે ઓછું થાય છે અને પેટ્રોલિયમ પરની દેશની નિર્ભરતા પણ ઘટે છે.

સરળ ભાષામાં સમજીએ તો ઈ-૨૦ એટલે કુદરતી સ્ત્રોતમાંથી મળતા ઈથેનોલને પેટ્રોલમાં ભેળવીને તૈયાર કરાયેલું એક નવીન ઈંધણ. તેનો મુખ્ય હેતુ પેટ્રોલની બચત કરવાનો અને વાયુ પ્રદૂષણ ઘટાડવાનો છે. ભારત દર વર્ષે કરોડો રૂપિયાનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જે દેશના વિદેશી ચલણ પર ભારે બોજ છે. જો પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારવામાં આવે તો આ આયાતમાં ઘટાડો થાય છે અને દેશની અર્થવ્યવસ્થાને મજબૂતી મળે છે. આ ઉપરાંત, ઈથેનોલના ઉપયોગથી ખેડૂતોને પણ સીધો લાભ મળે છે. શેરડી અને અન્ય પાકોની માંગ વધે છે, જેના કારણે કૃષિ ક્ષેત્રને આવકના નવા રસ્તાઓ ખુલે છે. આ તમામ કારણોસર સરકારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઈથેનોલ મિશ્રણની ટકાવારી ધીમે ધીમે વધારવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. વાહનના એન્જિન બગાડવાના સામાન્ય કારણો સમજવા જરૂરી છે.વાહનના એન્જિનની કામગીરીને અસર કરતાં અન્ય અનેક પરિબળો પણ છે. સમયસર સર્વિસ ન કરાવવી, એર ફિલ્ટર, સ્પાર્ક પ્લગ, ફ્યુઅલ ફિલ્ટર અથવા ઈન્જેક્ટરની યોગ્ય જાળવણી ન કરવી પણ એન્જિનની કાર્યક્ષમતાને ગંભીર રીતે અસર કરે છે. ખોટી ડ્રાઈવિંગની આદતો, જેમ કે સતત ઓવરલોડ, લાંબા સમય સુધી ઊંચા આરપીએમ પર વાહન ચલાવવું, અને ઉત્પાદક કંપની દ્વારા સૂચવેલ મેન્ટેનન્સ શેડ્યૂલનું પાલન ન કરવું, તે પણ એન્જિનના આયુષ્યને ઘટાડે છે અને ખામી સર્જે છે. તાજેતરમાં આવેલો ગ્રાહક ફોરમનો ચુકાદો અત્યંત મહત્વપૂર્ણ છે. આ ચુકાદામાં ગ્રાહકની ફરિયાદને ગંભીરતાથી ધ્યાનમાં લેવામાં આવી હતી. ગ્રાહકનો દાવો હતો કે ઈ-૨૦ પેટ્રોલનો ઉપયોગ કર્યા બાદ તેમના વાહનમાં વારંવાર ગંભીર તકનીકી ખામી ઊભી થઈ રહી હતી. કંપનીએ વાહનને સંપૂર્ણપણે ઈ-૨૦ માટે યોગ્ય જાહેર કર્યું હતું, છતાં સમસ્યા યથાવત રહી. આ બધી પરિસ્થિતિઓની તપાસ કર્યા બાદ ફોરમે ગ્રાહકના પક્ષમાં ચુકાદો આપ્યો. આ ચુકાદો દર્શાવે છે કે જો ઉત્પાદક કંપની કોઈ દાવો કરે તો તે દાવાને વ્યવહારિક રીતે સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી તેની રહે છે. ગ્રાહકને યોગ્ય માહિતી, સમયસર સેવા અને જરૂર પડે ત્યારે વાજબી વળતર મેળવવાનો અધિકાર છે. ઈ-૨૦ પેટ્રોલના પર્યાવરણ અને અર્થતંત્ર માટે અનેક લાંબા ગાળાના ફાયદા છે. તેનાથી ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થાય છે અને હવાની ગુણવત્તા સુધારવામાં મદદ મળે છે. પેટ્રોલિયમની આયાતમાં ઘટાડો થવાથી દેશની અર્થવ્યવસ્થાને નવી મજબૂતી મળે છે. ખેડૂતોને ઈથેનોલ માટે એક વિશાળ અને સ્થિર બજાર ઉપલબ્ધ થાય છે, જે તેમની આવકમાં વધારો કરે છે. કૃષિ આધારિત ઉદ્યોગોને પણ વ્યાપક પ્રોત્સાહન મળે છે. ઊર્જાના સ્થાનિક સ્ત્રોતોનો ઉપયોગ વધે છે, જે દેશની ઊર્જા સુરક્ષાને પણ મજબૂત બનાવે છે.આ તમામ ટેકનિકલ સમસ્યાઓનો ઉકેલ શોધવો અત્યંત જરૂરી છે. સદનસીબે, આ દરેક સમસ્યાને તેનું સમાધાન પણ છે. આ સમગ્ર મુદ્દાનો ઉકેલ સરકાર, વાહન ઉત્પાદકો, પેટ્રોલિયમ કંપનીઓ અને ગ્રાહકોના સંયુક્ત પ્રયાસોથી જ શક્ય છે. સૌ પ્રથમ, દરેક વાહન પર સ્પષ્ટ અને સુવાચ્ય રીતે એ દર્શાવવું જોઈએ કે તે ઈ-૨૦ પેટ્રોલ માટે સંપૂર્ણપણે સુસંગત છે કે નહીં. ગ્રાહકને વાહન ખરીદતી વખતે લેખિત સ્વરૂપે સંપૂર્ણ માહિતી આપવી જોઈએ. વાહન ઉત્પાદકોએ ઈ-૨૦ માટે વધુ મજબૂત ઈંધણ પ્રણાલી વિકસાવવી જોઈએ અને લાંબા ગાળાના પરીક્ષણો કરવા જોઈએ જેથી ગ્રાહકોમાં વિશ્વાસ વધે. પેટ્રોલ પંપ પર ઈંધણની ગુણવત્તાની નિયમિત ચકાસણી થવી જોઈએ અને ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. સરકારે જૂના વાહનમાલિકો માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવી જોઈએ કે કયા વાહનમાં ઈ-૨૦નો ઉપયોગ સુરક્ષિત છે અને કયા વાહનમાં સાવચેતી રાખવી જરૂરી છે. ગ્રાહકોએ પણ પોતાના વાહનની સમયસર સર્વિસ કરાવવી, ઉત્પાદક કંપનીની સૂચનાઓનું પાલન કરવું અને કોઈ અસામાન્ય અવાજ, ધુમાડો અથવા કામગીરીમાં ફેરફાર જણાય તો તરત જ અધિકૃત સર્વિસ સેન્ટરનો સંપર્ક કરવો જોઈએ. જો કોઈ વાહનમાં સતત એકસરખી સમસ્યા આવે તો તેના તમામ સર્વિસ રેકોર્ડ, બિલ અને ફરિયાદોની વિગતો સાચવી રાખવી જોઈએ, જેથી જરૂર પડે ત્યારે ગ્રાહક કાનૂની માર્ગે પોતાનો હક મેળવી શકે.ઈ-૨૦ પેટ્રોલ ભારતના ઊર્જા ક્ષેત્રમાં એક ઐતિહાસિક પરિવર્તન છે. તેના પર્યાવરણીય અને આર્થિક લાભોને અવગણી શકાય તેવા નથી. પરંતુ કોઈ પણ નવી ટેકનોલોજીનો સફળ અમલ ત્યારે જ શક્ય બને છે જ્યારે તેની સાથે ગુણવત્તા, પારદર્શિતા અને ગ્રાહક સુરક્ષાને પણ સમાન મહત્વ આપવામાં આવે. તાજેતરનો ગ્રાહક ફોરમનો ઐતિહાસિક ચુકાદો આપણને યાદ અપાવે છે કે વિકાસ માત્ર નવી નીતિઓથી નહીં, પરંતુ જવાબદારીપૂર્વકના અમલથી થાય છે. જો સરકાર, પેટ્રોલિયમ કંપનીઓ, વાહન ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે વિશ્વાસપૂર્ણ સહકાર જળવાઈ રહેશે, તો ઈ-૨૦ પેટ્રોલ ભારતને સ્વચ્છ પર્યાવરણ, મજબૂત અર્થતંત્ર અને આત્મનિર્ભર ઊર્જા તરફ આગળ ધપાવવામાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકશે. નવી ટેકનોલોજીનો સ્વીકાર જરૂરી છે, પરંતુ તેની સાથે યોગ્ય માહિતી, વૈજ્ઞાનિક પરીક્ષણ અને ગ્રાહકોના હિતોનું રક્ષણ પણ એટલું જ આવશ્યક છે. આમ થશે તો ઈ-૨૦ માત્ર એક નવું ઈંધણ નહીં, પરંતુ ભારતના હરિત ભવિષ્યનો એક મજબૂત પાયો બની શકશે.

**ઊર્જા બચત અતિ જરૂરી છે. આ માટે સરકારે વાહનોમાં પેટ્રોલમાં ઇથેનોલ મિશ્ર કરવાની નવી ટેકનોલોજી અમલમાં મૂકી છે પરંતુ આ માટે કેટલીક ટેકનિકલ સમસ્યા સર્જાતા વિવાદ ઉભો થયો છે આ માટેનો એક ચુકાદો પ્રસિધ્ધ થયો છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૭૦ | ૧૮૬૭ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૬ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૨૪૨ |
| જુવાર લાલ | ૧૨૧૦ | ૧૩૪૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૪૬ |
| બાજરી | ૩૮૦ | ૪૯૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૬૧૬ |
| ચણા પીળા | ૧૦૪૦ | ૧૨૦૦ |
| ચણા સફેદ | ૧૦૭૦ | ૧૮૧૦ |
| અડદ | ૧૨૫૦ | ૨૧૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| વાલ દેશી | ૪૦૦ | ૮૦૦ |
| ચોળી | ૯૫૦ | ૧૫૭૦ |
| વટાણા | ૫૦૦ | ૮૫૨ |
| કળથી | ૪૨૩ | ૬૭૫ |
| રાજમા | ૧૩૬૦ | ૧૮૭૦ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૧૭૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૧૭૦ | ૧૫૨૦ |
| તલી | ૨૨૪૦ | ૨૬૨૧ |
| એરંડા | ૧૨૬૩ | ૧૪૦૭ |
| અજમો | ૧૩૧૦ | ૨૮૯૫ |
| સુવા | ૧૩૭૦ | ૧૬૯૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૫૪૦ |
| સીંગફાડા | ૧૪૭૫ | ૧૮૧૦ |
| કાળા તલ | ૨૦૫૦ | ૩૭૨૩ |
| લસણ | ૧૧૮૦ | ૨૪૫૧ |
| ધાણા | ૨૪૧૧ | ૩૦૧૫ |
| ધાણી | ૨૪૬૧ | ૨૯૮૦ |
| વરીયાળી | ૧૬૦૦ | ૧૮૮૦ |
| જીરૂ | ૩૩૦૧ | ૪૦૫૦ |
| રાય | ૧૪૫૦ | ૧૮૦૪ |
| મેથી | ૯૪૦ | ૧૮૬૬ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કલોંજી | ૨૯૧૧ | ૩૬૦૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૪૫૦ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૦૪૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૫૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૩૧૫ | ૬૩૪ |
| પપૈયા | ૧૪૬ | ૨૯૨ |
| બટેટા | ૮૮ | ૩૦૧ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૪૯૫ |
| ટમેટા | ૪૨૮ | ૬૩૧ |
| સુરણ | ૮૨૧ | ૧૦૩૨ |
| કોથમરી | ૨૪૭૮ | ૪૦૧૫ |
| રીંગણા | ૮૧ | ૨૨૧ |
| કોબીજ | ૨૫૪ | ૪૮૭ |
| ફ્લાવર | ૫૦૬ | ૭૮૯ |
| ભીંડો | ૫૯૩ | ૧૦૫૫ |
| ગુવાર | ૬૦૭ | ૧૩૭૮ |
| ચોળાસીંગ | ૫૫૪ | ૧૨૭૧ |
| ટીંડોળા | ૪૪૨ | ૧૧૩૯ |
| દુધી | ૨૭૧ | ૪૧૮ |
| કારેલા | ૪૬૮ | ૮૫૧ |
| સરગવો | ૬૬૨ | ૧૩૪૦ |
| તુરીયા | ૮૧૨ | ૧૩૫૫ |
| પરવર | ૬૭૧ | ૯૧૩ |
| કાકડી | ૫૧૧ | ૯૭૨ |
| ગાજર | ૪૨૨ | ૬૨૮ |
| વટાણા | ૧૫૯૧ | ૨૫૭૭ |
| ગલકા | ૩૬૧ | ૫૩૨ |
| બીટ | ૩૭૭ | ૬૦૫ |
| મેથી | ૧૭૨૧ | ૨૪૨૯ |
| ડુંગળી લીલી | ૮૨૪ | ૧૨૩૩ |
| આદુ | ૨૦૨૫ | ૩૨૧૪ |
| મરચા લીલા | ૬૮૮ | ૯૨૨ |
| મકાઇ લીલી | ૧૬૪ | ૩૬૮ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૭૫૧ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૮૮ | ૫૪૨ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૭૬ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૪૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૨૮૧ | ૧૪૦૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૫૧ |
| કલંજી | ૧૪૦૧ | ૩૫૪૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૧૦૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૧૨૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૫૨૧ |
| અડદ | ૬૦૦ | ૨૧૩૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૫૧ |
| રાય | ૧૨૯૧ | ૧૬૭૧ |
| મેથી | ૧૧૨૬ | ૧૭૦૧ |
| મગફળી જાડી | ૧૨૨૧ | ૧૬૬૧ |
| સફેદ ચણા | ૧૧૧૧ | ૧૮૧૧ |
| તલ - તલી | ૧૯૫૧ | ૨૫૯૧ |
| ધાણી | ૨૬૦૧ | ૩૦૮૧ |
| જુવાર | ૪૭૧ | ૧૧૩૧ |
| મકાઇ | ૪૦૦ | ૪૩૧ |
| મગ | ૧૦૮૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૬૧ | ૧૨૧૧ |
| વાલ | ૩૩૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૧૦૭૧ | ૧૫૦૬ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૩૧ |
| વટાણા | ૩૫૧ | ૯૦૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૬૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૯૦૦ | ૧૨૦૦ |
| [illegible] | ૧૬૦૦ | ૨૦૦૦ |
| [illegible] | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૫ |
| બીટ પુરા | ૧૦ | ૨૫ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૨૦૦ | ૩૪૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૪ | ૮ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૮૦ |
| શિંગદાણા | ૧૭૦૦ | ૨૧૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૮૦૫ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૩૯૦ | ૨૬૭૦ |
| તલ કાળા | ૨૧૬૦ | ૩૮૪૦ |
| જુવાર | ૬૧૫ | ૧૨૯૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| મકાઈ | ૪૪૦ | ૪૯૫ |
| ચણા | ૮૦૦ | ૧૨૦૫ |
| સફેદ ચણા | ૧૦૮૦ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૧૧૭૫ | ૧૩૯૦ |
| તુવેર | ૧૩૧૫ | ૧૪૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૩૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૩૫ |
| રાય | ૧૪૫૫ | ૧૪૫૫ |
| ધાણી | ૨૭૩૦ | ૩૦૦૦ |
| મેથી | ૧૦૮૫ | ૧૨૭૫ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૬૧૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૫૪૦ |
| રજકાનુ બી | ૧૧૦૦ | ૧૫૪૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૩૦ | ૪૫૦ |
| શક્કરીયા | ૬૨૦ | ૭૨૦ |
| ટમેટાં | ૭૦૦ | ૭૬૦ |
| સુરણ | ૮૩૦ | ૯૪૦ |
| ગાજર | ૫૮૦ | ૬૮૦ |
| દુધી | ૪૧૦ | ૫૨૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૨૦ | ૫૧૦ |
| કાકડી | ૬૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૦૨૦ | ૧૨૩૦ |
| વટાણા | ૩૦૦૦ | ૩૫૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૨૪૦૦ | ૩૦૦૦ |
| કોથમીર | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૭૫૦ | ૮૩૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૨૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૫૬૦ |
| લસણ સુકું | ૧૯૫૦ | ૨૬૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૮૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| ચીભડા | ૬૫૦ | ૧૦૨૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૮૫૦ | ૩૬૫૧ |
| જીરૂ | ૩૬૩૦ | ૩૯૦૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૧ |
| બાજરો | ૩૮૦ | ૫૦૦ |
| જુવાર | ૧૧૦૦ | ૧૨૭૦ |
| મગ | ૧૨૫૦ | ૧૬૦૪ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૨૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ધાણા | --- | ૩૦૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૦૦ | ૧૨૭૧ |
| ઘઉં લોકવન | ૪૯૨ | ૪૯૨ |
| ચણા | ૧૧૦૯ | ૧૧૪૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૮૦ |
| મગ | ૧૨૦૦ | ૧૫૨૫ |
| શીંગ ફાડા | ૧૫૨૫ | ૧૬૦૦ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૫૫ |
| શીંગ દાણા | ૧૫૨૫ | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૩૦૧ | ૧૩૪૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| ઘઉ લોકવન | ૪૫૧ | ૫૨૫ |
| ઘઉ ટુકડા | ૫૩૧ | ૫૩૧ |
| ચણા | ૯૪૦ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૮૮૫ | ૨૨૯૫ |
| મગફળી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૧૨૨૫ | ૧૪૭૫ |
| શીંગફાડા | ૧૪૪૦ | ૧૪૪૦ |
| મગ | ૧૩૫૦ | ૧૫૩૫ |
| તલકાળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૭૮૦ |
| ચણા સોલે | ૧૨૯૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૯૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૨૩૦ | ૨૪૩૦ |
| જીરૂ | ૩૨૦૫ | ૩૮૨૧ |
| ચણા | ૧૧૩૫ | ૧૧૬૮ |
| ઘઉં | ૫૦૫ | ૫૨૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૪૯૨ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૫૨૮ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૮ |
| રાય | ૧૩૦૦ | ૧૫૯૫ |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૬૬ |
| ચોળી | ૭૦૦ | ૧૩૮૦ |
| અડદ | ૨૦૮૦ | ૨૧૯૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૨ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૫૯૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૭૮૮ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૫૧ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૬૯૫ |


**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૫૫૫ | ૧૧૭૦ |
| બાજરો | ૨૫૦ | ૫૨૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૧૭ |
| મગ | ૧૫૦૦ | ૧૫૯૦ |
| અડદ | ૬૦૦ | ૭૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ચોળી | ૫૦૫ | ૧૪૫૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૧૧૫ | ૧૩૪૩ |
| તલ | ૧૬૦૦ | ૨૫૮૫ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૬૪૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| રાઈ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| લસણ | ૮૦૦ | ૨૩૫૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૫૦ |
| અજમા ની ભૂસી | ૩૫ | ૨૮૮૦ |
| ધાણા-ધાણી | ૨૧૦૦ | ૨૭૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૫૩૦ |
| વટાણા | ૫૭૦ | ૯૭૦ |
| કલોંજી | ૧૬૦૦ | ૩૧૯૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૬૮૫ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૧૯૫૦ |
| ઈસબગુલ | ૧૪૦૦ | ૧૫૫૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૮૧ | ૧૧૮૧ |
| તલ સફેદ | ૨૨૪૩ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૬૧૦ | ૩૪૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| બાજરો | ૫૦૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૪૩૯ | ૫૨૫ |
| જુવાર | ૭૦૦ | ૧૨૭૦ |
| તુવેર | ૧૦૨૦ | ૧૨૭૫ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૫૦ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૫૦૦ |
| શીંગદાણા | ૧૬૮૦ | ૧૮૫૦ |

## શબ્દ સંજોગ-૨૨૩૪



**આડી ચાવી :**
(૧) પર્વતની સાંકડીને ઉંચી ફાટ (૩)
(૪) મનની વૃત્તિ કે ભાવ (૩)
(૬) રસ્તો, વાટ (૨)
(૭) સ્વરની મદદ વિના જેનો ઉચ્ચાર ન થઈ શકે તે વર્ણ (૩)
(૯) ભૂલનો પર્યાય ભૂલથી આડો-અવળો થઈ ગયો (૪)
(૧૧) રમી રહેલું આનંદ માનતું (૪)
(૧૪) નેતર (૩)
(૧૬) પુત્ર (૩)
(૧૮) નુકશાન, હાનિ (૨)
(૧૯) ધોબી (૩)
(૨૧) વસવાટ, મુકામ (૨)
(૨૨) નારી, મહિલા (૧)
(૨૩) થોડા વાળની સેર (૨)
(૨૪) ઘણાં લોકો ઘરેણા......માં રાખે છે. (૩)
(૨૬) રાત્રી (૨)
(૨૭) ઘણાં લોકોને વાત વાતમાં .......આપવાની ટેવ હોય છે (૩)
(૨૮) ચંદ્રમા (૨)
(૨૯) ડરેલું, ભડકેલું (૨)

**ઉભી ચાવી :**
(૧) ભયંકર, બિહામણું (૩)
(૨) આરામ, વિસામો (૩)
(૩) ભીનાશ (૨)
(૫) મોટાઈ, પ્રોઢતા (૩)
(૭) એકાદ અંગ વિનાનું (૨)
(૮) ચેતતા.....સદા સુખી (૨)
(૧૦) એક ફળ (૩)
(૧૨) પિયેર (૪)
(૧૩) બાળ બચ્ચા, સંતાન (૩)
(૧૫) અંધકાર, અતૃપ્ત(૩)
(૧૭) ગાડું (૩)
(૧૮) ક્ષણ ભંગુર (૩)
(૨૦) પાણીનું વાસણ (૪)
(૨૧) કાગડો (૩)
(૨૪) લોઢું (૨)
(૨૫) સૂર્ય, આદિત્ય (૨)

## શબ્દ સંજોગ-૨૨૩૩ જવાબ

**આડી ચાવી:** (૧) અનેનાસ (૪) પ્રસાધન (૭) કસર (૮) સુરા (૯) સામ (૧૩) રમલ (૧૫) પાલનપુર (૧૮) તાડફળી (૨૦) તલાવ (૨૨) તર (૨૩) નમવ (વમન) (૨૪) તક (૨૬) કપ (૨૯) મગ (૩૦) કલમ (૩૨) માળો (૩૩) વડીલ (૩૪) તલ.
**ઉભી ચાવી:** (૧) અનુસાર (૨) નાક (૩) સસરા (૫) સાસુ (૬) ધરા (૧૦) મમતા (૧૧) પોલ (૧૨) રૌરવ (૧૪) લડત (૧૫) પાળી (૧૬) નતમસ્તક (૧૭) પુલાવ (૧૯) ફરક (૨૧) શ્વેત (૨૫) કમળો (૨૭) પકોડી (૨૮) અમલ (૩૧) લત.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# NEET UG ૨૦૨૬નું પરિણામ જાહેર, ગુજરાતના વિદ્યાર્થીઓનો શાનદાર દેખાવ

**અમદાવાદના ત્રણ વિદ્યાર્થીઓ ટોપ-૩૦માં, તહા ભાટિયાએ EWS કેટેગરીમાં દેશભરમાં પ્રથમ સ્થાન**



અમદાવાદ,તા.૧૭

દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG ૨૦૨૬નું પરિણામ ગુરુવારે જાહેર કરવામાં આવ્યું હતું. આ વર્ષે દેશભરમાં અંદાજે ૨૦ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૧.૨૧ લાખ વિદ્યાર્થીઓ સફળ જાહેર થયા છે. ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે અમદાવાદ સેન્ટરના ત્રણ વિદ્યાર્થીઓએ દેશના ટોપ-૩૦માં સ્થાન મેળવ્યું છે. તેમાં તહા ભાટિયાએ EWS કેટેગરીમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. ટોપ-૩૦માં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે રી-નીટ પરીક્ષાથી તેમને લાભ મળ્યો હતો અને બીજી વખત લેવાયેલી પરીક્ષા અગાઉની સરખામણીએ સરળ લાગી હતી. ઉલ્લેખનીય છે કે પેપર લીક મામલા બાદ પરીક્ષા રદ કરીને ૨૧ જૂને ફરી પરીક્ષા લેવામાં આવી હતી. ગુજરાતમાં ૮૮,૦૨૨ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જ્યારે ૮૬,૪૧૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગોઢાવદરમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો બે લાખનો ચેક અર્પણ

**સ્વ. રંજનબેન પરમારના વારસદારને વીમાની રકમ મળતા પરિવારજનોએ વ્યક્ત કર્યો આભાર**



અમરેલી,તા.૧૭

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત લાભાર્થી પરિવારને બે લાખ રૂપિયાનું વીમા કવચ આપવામાં આવ્યું હતું. ગોઢાવદરના રહેવાસી રસીકભાઈ મુળજીભાઈ પરમારના ધર્મપત્ની સ્વ. રંજનબેન રસીકભાઈ પરમારનું તા. ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ દુખદ અવસાન થયું હતું. તેમના અવસાન બાદ યોજનાના નિયમો મુજબ વારસદારને વીમાની રકમ મળવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.વીમાની પ્રક્રિયા સી.એસ.પી. સંચાલક ભરત વિંઝુડા દ્વારા કરવામાં આવી હતી. જ્યારે લીલીયા શાખાના બ્રાન્ચ મેનેજર હિતેશ પટેલ અને રોનક માલવીયાના માર્ગદર્શન હેઠળ જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. પરિણામે માત્ર પંદર દિવસના સમયગાળામાં લાભાર્થીના ખાતામાં બે લાખ રૂપિયાની વીમા સહાય જમા કરવામાં આવી હતી. આ પ્રસંગે રસીકભાઈ પરમાર અને મુળજીભાઈ પરમારે બેંક તંત્ર અને સંબંધિત અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજ્યમાં ત્રણ માર્ગ અકસ્માતો: મહેસાણામાં શિક્ષિકાનું મોત, ગાંધીનગર અને સુરતમાં પણ દુર્ઘટના

**વરાછા રોડ બ્રિજ પર ચાલુ મુસાફરીએ રિક્ષાનું વ્હીલ નીકળી જતાં રિક્ષા ડિવાઈડર સાથે અથડાઈ**

મહેસાણા,તા.૧૭

મહેસાણાના પાંચોટ બાયપાસ સર્કલ પાસે આજે સવારે એક કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો હતો. ફરજ પર જઈ રહેલી એક શિક્ષિકાને બેફામ ગતિએ આવતા ટ્રેલરે અડફેટે લેતા તેમનું વ્હીલ નીચે કચડાવાથી ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને ટ્રેલર ચાલક ફરાર થઈ ગયો હતો. ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી નજીક ડમ્પરે એક્ટિવાને અડફેટે લીધું હતું, પરંતુ સમયસૂચકતાના કારણે બે સવારોનો આબાદ બચાવ થયો હતો.

સુરતના વરાછા રોડ બ્રિજ પર ચાલુ મુસાફરીએ રિક્ષાનું વ્હીલ નીકળી જતાં રિક્ષા ડિવાઈડર સાથે અથડાઈને પલટી ગઈ હતી, જેમાં એક મુસાફર ગંભીર રીતે ઘાયલ થયો હતો.

# મહેશ કસવાલાએ આંબરડી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કર્યો

સાવરકુંડલા, તા.૧૭



સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાએ પોતાના મતવિસ્તારની આંબરડી ગામની માધ્યમિક શાળાએ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષામાં સતત પાંચમા વર્ષે ૧૦૦% પરિણામ મેળવતા જનપ્રતિનિધિ તરીકે તેમણે શાળાની મુલાકાત લઈને વિદ્યાર્થીઓઅને શૈક્ષણિક સ્ટાફ ગણ સાથે સંવાદ કર્યો હતો. આ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી ચૂકેલા અનેક વિદ્યાર્થીઓએ સફળતાના શિખરો સર કરીને વિવિધ ઉચ્ચ સ્થાને ફરજ બજાવે છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે પણ આ શાળાને યાદ કરે છે અને અનુકુળતા મુજબ પોતાની જુની શાળાની મુલાકાત લે છે. જેના ભાગરૂપે ગયા વર્ષે શાળાના નુતન બિલ્ડિંગનું બાંધકામ પણ આવા વિદ્યાર્થીઓના સહયોગથી થયેલ છે. મુલાકાત દરમિયાન સહકારી અગ્રણી અને આંબરડી કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી દીપકભાઈ માલાણી, જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગૌદાની, પૂર્વ સદસ્ય લાલભાઈ મોર, સરપંચ પ્રેમજીભાઈ બગડા, પૂર્વ સરપંચ બાબુબાઈ માલાણી, તાલુકા પંચાયત ઉપપ્રમુખ બાવચંદભાઈ ચોડવડીયા, જયસુખભાઈ કસવાલા, પ્રિન્સિપાલ માલવિયાભાઈ અને તેમની ટીમ પણ ઉપસ્થિત રહેલ.

# અમદાવાદમાં રૂ. ૨૭૧૯ કરોડના વિકાસ કામોને મંજૂરી

અમદાવાદ,તા.૧૭

કેન્દ્ર સરકારે અર્બન ચેલેન્જ ફંડમાંથી અમદાવાદના ૬ મોટા પ્રોજેક્ટ્સ માટે રૂ.૨૭૧૯.૮૦ કરોડ મંજૂર કર્યા છે. આ યોજના હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકાર ૨૫-૨૫ ટકા સહાય આપશે, જ્યારે બાકીની ૫૦ ટકા રકમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લોન દ્વારા મેળવશે. આ અંતર્ગત પૂર્વ અને પશ્ચિમ અમદાવાદમાં ગટર નેટવર્કનું પુનર્વસન, ઈન્ટેલિજન્ટ વોટર મેનેજમેન્ટ, સ્લજ મેનેજમેન્ટ તેમજ સ્માર્ટ ટ્રાન્સપોર્ટ માટે આઈટીએમએસ અને એએફસીએસ સિસ્ટમ વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ્સ કાર્યરત થવાથી શહેરમાં ગટર ઓવરફ્લો અને લીકેજની સમસ્યાઓ ઘટશે. સાથે જ, કોમન મોબિલિટી કાર્ડ જેવી સુવિધાઓથી જાહેર પરિવહન વધુ સુરક્ષિત અને સરળ બનશે, જેનાથી અમદાવાદ સ્માર્ટ અને વૈશ્વિક સ્તરનું શહેર બનવા તરફ આગળ વધશે.

# સુરતમાં પીઠવડી ગામની દીકરીઓના યોજાયેલા સ્નેહમિલનમાં બાળપણની યાદો તાજી થઈ

સુરત,તા.૧૭



મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામની અને હાલ વિવિધ શહેરો તથા ગામોમાં સાસરે વસેલી દીકરીઓનું એક ભવ્ય અને લાગણીસભર "સ્નેહમિલન" સુરત મધ્યે યોજાઈ ગયું. વર્ષો પછી પિયરની બહેનપણીઓ અને ગામની દીકરીઓ એકબીજાને મળતા બાળપણની મધુર યાદોમાં ખોવાઈ ગઈ હતી. આ પ્રસંગે દીકરીઓએ પિયર પ્રત્યેની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે સાસરિયે ગમે તેટલો વૈભવ હોય, પણ દીકરીનું દિલ પિયરના ચોકમાં જ હસે છે. તેમણે પ્રાથમિક શાળાના સોનેરી દિવસો, બાળપણની રમતો અને તોફાનો વાગોળીને આનંદ વ્યક્ત કર્યો હતો. સુરત ખાતે આવેલી તમામ દીકરીઓનું કુમકુમ તિલક કરી પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. પીઠવડીના યુવા સરપંચ ભૌતિક સુહાગીયાએ આ અનોખી પહેલ કરનારી બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવા સ્નેહમિલન યોજાતા રહે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

# બાબરાની સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવા જનક તળાવીયાએ શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત કરી

બાબરા, તા.૧૭



બાબરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વધુ સારી અને સુલભ તકો ઉપલબ્ધ થાય તે માટે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ રાજ્યના શિક્ષણ મંત્રી સમક્ષ બાબરાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ (બી.એસસી.) શરૂ કરવા લેખિત રજૂઆત કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું હતું કે, બાબરા તાલુકા તથા આસપાસના અનેક ગામોમાંથી દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂર્ણ કરે છે. પરંતુ બાબરા ખાતે સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને અમરેલી, રાજકોટ, બોટાદ અથવા અન્ય શહેરોમાં અભ્યાસ માટે જવું પડે છે. જેના કારણે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પર આર્થિક બોજો વધે છે તેમજ ગ્રામ્ય વિસ્તારના અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત રહે છે. બાબરામાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાર્યરત છે અને અહીં જરૂરી સુવિધાઓનો વધુ વિકાસ કરીને વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવામાં આવે તો સમગ્ર વિસ્તારના વિદ્યાર્થીઓને પોતાના તાલુકા મથકે જ ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ મળી શકશે.

# ગોંડલના ખીજડાવાળા મામાદેવ મંદિરે અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી

ગોંડલ, તા. ૧૭



ગોંડલના ભોજરાજપરા-૩૧ ખાતે આવેલા જય શ્રી ખીજડાવાળા મામાદેવ મંદિર ખાતે ૪૯મા અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.દિવસભર વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ મંદિર ખાતે ગણપતિ પૂજન, શ્રી ખીજડા પૂજન, મહાઆરતી, ધ્વજારોહણ તેમજ મામાદેવને સાફો અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. મહોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦:૩૦ વાગ્યા સુધી ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. લોકગાયક અને કલાકારો દ્વારા ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજકોટમાં સોફાના કારખાનામાં આગ લાગતા માલિકના જમાઈનું મોત

રાજકોટ,તા.૧૭

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલી હુડકો ચોકડી પાસે 'ઉત્તમ સોફા' નામના કારખાનામાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ હતી કે જોતજોતામાં સમગ્ર કારખાનું તેની લપેટમાં આવી ગયું હતું અને આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માત દરમિયાન કારખાનાના ટોયલેટમાં ફસાયેલા એક વ્યક્તિને ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ ગંભીર હાલતમાં બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જેનું ગૂંગળામણના કારણે મોત નિપજ્યું છે. મૃતક એ કારખાના માલિકાના જમાઈ હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન છે.

# સુમુલ ડેરી ચૂંટણીમાં ભાજપનો દબદબો, ૧૬માંથી ૧૫ બેઠકો પર થયો વિજય

સુરત,તા.૧૭



સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સુમુલ ડેરી)ની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી-૨૦૨૬ના તમામ પરિણામો જાહેર થયા છે. આ ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલે પ્રચંડ સફળતા મેળવી ૧૬માંથી ૧૫ બેઠકો પર વિજય નોંધાવ્યો છે. આ સાથે સુમુલ ડેરીમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી સહકારી ક્ષેત્રમાં પોતાની મજબૂત પકડ ફરી સાબિત કરી છે.ચૂંટણીના પરિણામોએ દક્ષિણ ગુજરાતના સહકારી રાજકારણમાં ભાજપનું વર્ચસ્વ વધુ મજબૂત બન્યું હોવાનું દર્શાવ્યું છે. બીજી તરફ કોંગ્રેસ માટે પરિણામો નિરાશાજનક રહ્યા છે. કોંગ્રેસ પ્રેરિત ઉમેદવારો એક પણ બેઠક જીતવામાં સફળ રહ્યા નથી. વ્યારાના કોંગ્રેસ નેતા ડો. તુષાર ચૌધરીના સમર્થિત ઉમેદવારને પણ પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પરિણામ બાદ સહકારી ક્ષેત્રમાં ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

**-// મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગીરગઢડા //-**

નં. જન્મ-મરણ કેસ.નં. **66/2026** તા. ૧૩/૦૭/૨૦૨૬

(૧) ગીરગઢડા બાબુભાઈ મોહનભાઈ ગડથડીયા
રહે.ઝુડવડલી, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
............અરજદાર

**વિરૂધ્ધ**

(૧) રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ઝુડવડલી, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ઝુડવડલી ગામના રહીશ બાબુભાઈ મોહનભાઈ ગડથડીયા તથા કંચનબેન બાબુભાઈ ગડથડીયાના પુત્ર સિધ્ધરાજસિંહ બાબુભાઈ ગડથડીયાનો જન્મ તારીખ.**17/02/2018**ના રોજ ગીરગઢડા તાલુકાના ઝુડવડલી ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ઝુડવડલી તાલુકો-ગીરગઢડા સને-**2018** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૭/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

# વાપીમાં ઘનકચરા નિકાલના આધુનિક ડેમો પ્લાન્ટનું નિરીક્ષણ

વાપી,૧૭



વાપી ખાતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ઘનકચરાના વૈજ્ઞાનિક નિકાલ માટે સ્થાપિત આધુનિક ડેમો પ્લાન્ટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, ચીફ ઓફિસર બી.આર. ગોહિલ અને સેનેટરી ઈન્સ્પેક્ટર ભાવેશભાઈ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ પ્લાન્ટની કામગીરીનું અવલોકન કરી જરૂરી સૂચનો આપ્યા હતા. આ ટેકનોલોજીથી ભવિષ્યમાં ઘનકચરાનો ૧૦૦ ટકા વૈજ્ઞાનિક નિકાલ શક્ય બનશે.

# મૂળ દ્વારકામાં એલસીબીનો દરોડો, જાહેરમાં જુગાર રમતા ૫ શખ્સો ઝડપાયા

**રૂ. ૪૧,૨૦૦ની રોકડ અને જુગારનું સાહિત્ય જપ્ત, કોડીનાર પોલીસમાં ગુનો નોંધાયો**



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર, તા. ૧૭

ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચે કોડીનાર તાલુકાના મૂળ દ્વારકા ગામમાં જાહેર જગ્યાએ ચાલતા જુગારધામ પર સફળ દરોડો પાડી પાંચ શખ્સોને ઝડપી પાડ્યા છે. જુનાગઢ રેન્જના ડીઆઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. એલસીબીને મળેલી ગુપ્ત બાતમીના આધારે ઈન્ચાર્જ પીઆઈ ડી.એમ. કાગડાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે મૂળ દ્વારકાના દરિયા કિનારા નજીક જેટી વિસ્તાર અને મેઈન રોડ પાસે દરોડો પાડ્યો હતો. ત્યાં જાહેરમાં જુગાર રમતા પાંચ વ્યક્તિઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. તમામ આરોપીઓ માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૪૧,૨૦૦ની રોકડ રકમ તેમજ જુગાર રમવા માટે વપરાતું સાહિત્ય જપ્ત કર્યું હતું.

# પ્રધાનમંત્રી મોદીએ દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસ-વેના હરિયાણા સેક્શનનું કર્યું લોકાર્પણ

જીંદ, તા. ૧૭



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે હરિયાણાના જીંદ ખાતે દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવેના હરિયાણા વિભાગનું લોકાર્પણ કરીને દેશને મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભેટ આપી છે. આ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે શરૂ થતાં દિલ્હીથી માતા વૈષ્ણોદેવી ધામ અને અમૃતસર સુધીની મુસાફરી વધુ ઝડપી અને સુલભ બનશે. પ્રધાનમંત્રી કાર્યાલયના જણાવ્યા મુજબ, સમગ્ર એક્સપ્રેસવે પૂર્ણ થયા બાદ દિલ્હીથી કટરા સુધીનો પ્રવાસ સમય આશરે ૧૪ કલાકથી ઘટીને માત્ર ૬ કલાક અને દિલ્હીથી અમૃતસર સુધીનો સમય ૮ કલાકથી ઘટીને ૪ કલાક રહેશે. આથી મુસાફરોને સમય અને ઈંધણ બંનેની બચત થશે. મોદીએ ૯,૬૮૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત ૧૫૭.૯૨ કિલોમીટર લાંબા ચાર-લેન હરિયાણા સેક્શનનું ઉદ્ઘાટન કર્યું. ૬૬૭ કિલોમીટર લાંબા આ એક્સપ્રેસવેના કાર્યાન્વયનથી એનએચ-૪૪ પરનો ટ્રાફિક ભાર ઘટશે તેમજ હરિયાણા, પંજાબ અને જમ્મુ-કાશ્મીરમાં વેપાર, પર્યટન, લોજિસ્ટિક્સ અને ઔદ્યોગિક વિકાસને વેગ મળશે. કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને વિવિધ માર્ગ, રેલવે, આરોગ્ય અને શિક્ષણ સંબંધિત પ્રોજેક્ટ્સનું પણ લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું.

# પીએમ મોદીએ પંજાબમાં ગેંગવોર અને ડ્રગ્સ મુદ્દે રાજ્ય સરકારને ઘેરી

ચંડીગઢ, તા. ૧૭



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચંડીગઢમાં આશરે ૪,૭૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું હતું. આ પ્રસંગે તેમણે પંજાબની કાયદો-વ્યવસ્થા અને નશાખોરીના મુદ્દે રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે આજે પંજાબમાં ગેંગવોર ચાલી રહી છે, ડ્રગ્સના વેપારીઓ મુક્તપણે ફરી રહ્યા છે અને યુવાનોને નશાની દિશામાં ધકેલવામાં આવી રહ્યા છે. વડાપ્રધાને દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવે સહિત અનેક રેલ અને માર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. તેમણે જણાવ્યું કે આ યોજનાઓ પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશ વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનાવશે. આરોગ્ય ક્ષેત્રે થયેલી પ્રગતિનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું કે દેશમાં ૧.૭૫ લાખથી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરો કાર્યરત છે અને ટીબી નિયંત્રણ માટે અસરકારક કામગીરી થઈ રહી છે. તેમણે ચંડીગઢને વિકાસ અને આધુનિક સુવિધાઓનું મોડેલ ગણાવતાં કહ્યું કે નવા પ્રોજેક્ટ્સ શહેરના વિકાસ, રોજગારી અને નાગરિક સુવિધાઓમાં વધારો કરશે. કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ પણ પીએમ મોદીના નેતૃત્વમાં દેશે આરોગ્ય અને વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી હોવાનું જણાવ્યું હતું.

# એમ.પી.ના નરવર કિલ્લામાંથી ૪૦૦ વર્ષ જૂની ઐતિહાસિક તોપની ચોરી

ભોપાલ, તા. ૧૭

મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લામાં આવેલા ઐતિહાસિક નરવર કિલ્લામાંથી ૧૬મી સદીની દુર્લભ અને અમૂલ્ય તોપની ચોરી થતા ખળભળાટ મચ્યો છે. ૧૫-૧૬ જુલાઈની રાત્રે ૨૫થી ૩૦ સશસ્ત્ર શખ્સોએ કિલ્લાની સુરક્ષા ભેદી તોપ ચોરી લીધી હતી. તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓએ ૫ જુલાઈએ ઘટનાનું રિહર્સલ પણ કર્યું હતું.

ચોરાયેલી તોપ અંદાજે ૪૦૦ વર્ષ જૂની હોવાનું માનવામાં આવે છે અને તે પિત્તળ, તાંબુ તથા અષ્ટધાતુના મિશ્રણથી બનાવવામાં આવી હતી. તેના પર ફારસી અને દેવનાગરી લિપિમાં શાહી પ્રતીકો કોતરાયેલા છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આવી ઐતિહાસિક તોપોની આંતરરાષ્ટ્રીય કાળા બજારમાં કરોડો રૂપિયાની કિંમત હોઈ શકે છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અધિકારીઓએ પ્રાચીન વસ્તુઓની દાણચોરી કરતી આંતરરાષ્ટ્રીય ગેંગની સંડોવણી હોવાની શક્યતા વ્યક્ત કરી છે.

# મુર્શિદાબાદમાં ટ્રેન સાથે સ્કૂલ વાન અથડાતા ત્રણનાં મોત, અનેક વિદ્યાર્થીઓ ઘાયલ

મુર્શિદાબાદ, તા. ૧૭



પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં ગોવિંદપુર રેલવે ક્રોસિંગ પાસે સ્કૂલ વાન અને ટ્રેન વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં બે વિદ્યાર્થીઓ સહિત ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે અનેક વિદ્યાર્થીઓ અને એક સાયકલ સવાર ઘાયલ થયા છે. તમામ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માહિતી મુજબ, સ્કૂલના બાળકોને લઈ જતી વાન રેલવે ક્રોસિંગ પાર કરી રહી હતી ત્યારે ઝડપથી આવી રહેલી ટ્રેન સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી વિદ્યાર્થીઓને વાનમાંથી બહાર કાઢ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, અકસ્માત સમયે રેલવે ફાટક ખુલ્લું હોવાનું જણાવાઈ રહ્યું છે, જેના કારણે ગેટમેનની કામગીરી અંગે પ્રશ્નો ઊભા થયા છે. રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે. ગંભીર રીતે ઘાયલ લોકોને મુર્શિદાબાદ મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા છે.

# પીએમ નરેન્દ્ર મોદીએ કતારના પૂર્વ અમીરના નિધન પર વ્યક્ત કર્યો શોક

નવી દિલ્હી,તા. ૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કતારના અમીર શેખ તમિમ બિન હમાદ અલ થાની સાથે ટેલિફોન પર વાતચીત કરીને કતારના પૂર્વ અમીર શેખ હમાદ બિન ખલીફા અલ થાનીના નિધન પર ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. ૧૨ જુલાઈએ ૭૪ વર્ષની વયે અવસાન પામેલા પૂર્વ અમીરને પીએમ મોદીએ ભારતના સાચા મિત્ર અને દ્રષ્ટાવાન નેતા તરીકે યાદ કર્યા હતા. સોશિયલ મીડિયા પર પીએમ મોદીએ જણાવ્યું કે, પૂર્વ અમીરને ભારત અને ભારતીય સમુદાય પ્રત્યે વિશેષ લાગણી હતી અને ભારત-કતાર સંબંધોને મજબૂત બનાવવામાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમનો વારસો બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં માર્ગદર્શન આપતો રહેશે. પૂર્વ અમીરના અવસાન પર ભારત સરકારે ૧૩ જુલાઈએ રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો અને કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ દોહા જઈ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# તેલંગણામાં ૧.૧૮ કરોડનો ૨૩૭ કિલો ગાંજો જપ્ત, બે આરોપીઓ ઝડપાયા

હૈદરાબાદ, તા. ૧૭



તેલંગણા ઈગલ ફોર્સે નશીલા પદાર્થોની દાણચોરી સામે મોટી કાર્યવાહી કરતાં એનએચ-૬૫ પર એક લારી કન્ટેનરમાંથી ૨૩૭ કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલા ગાંજાની કિંમત અંદાજે ૧.૧૮ કરોડ રૂપિયા હોવાનું જણાવાયું છે. આ ગાંજો ઓડિશાથી હૈદરાબાદ મારફતે પુણે લઈ જવામાં આવી રહ્યો હતો.

વિશ્વસનીય માહિતીના આધારે ઈગલ ફોર્સની સ્ટેટ ટાસ્ક ફોર્સ અને રાચાકોંડા નાર્કોટિક્સ પોલીસની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી કાર્યવાહી કરી હતી. પોલીસે બિહારના રાજેશ કુમાર અને મહારાષ્ટ્રના અનિલ રંગનાથ બિચરેની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન ખુલ્યું કે આરોપીઓ ઓડિશાના રાયગઢ જિલ્લામાંથી ગાંજાની હેરાફેરી કરતા હતા અને તેને પુણે તથા મુંબઈમાં પહોંચાડવાના હતા. કોલ ડિટેલ રેકોર્ડના આધારે પોલીસને મહત્વપૂર્ણ પુરાવા મળ્યા હતા, જેના પછી આરોપીઓએ ગુનો કબૂલ્યો હતો. પોલીસે કેસ નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે.

# ચોમાસુ સત્રમાં સરકાર પાંચ નવા બિલ રજૂ કરે તેવી શક્યતા, વિપક્ષ પણ ઘેરાવની તૈયારીમાં

નવી દિલ્હી, તા. ૧૭



સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યું છે. સત્ર પૂર્વે રાજકીય ગતિવિધિઓ તેજ બની છે અને શાસક પક્ષ તેમજ વિપક્ષ પોત-પોતાની વ્યૂહરચના ઘડી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર આ સત્ર દરમિયાન લોકસભામાં પાંચ નવા બિલ રજૂ કરી શકે છે. પ્રસ્તાવિત બિલોમાં આવકવેરા (સુધારા) બિલ-૨૦૨૬, સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા બિલ-૨૦૨૬, જન્મ અને મૃત્યુ નોંધણી (સુધારા) બિલ-૨૦૨૬, રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ-૨૦૨૬ તથા સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગ વિકાસ (સુધારા) બિલ-૨૦૨૬નો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરકાર વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ-૨૦૨૬ અને વિકાસિત ભારત શિક્ષા અધિષ્ઠાન બિલ-૨૦૨૫ પર પણ ચર્ચા આગળ વધારી શકે છે. બીજી તરફ, વિપક્ષ બેરોજગારી, મોંઘવારી અને નીટ પેપર લીક જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારીમાં છે. સત્ર પૂર્વે ૧૯ જુલાઈએ વિપક્ષી પક્ષોની બેઠક પણ યોજાવાની છે.

# હિંદુ ધર્મ અંગેની વિવાદાસ્પદ ટિપ્પણીઓ બાદ મૌલાના જારજીસ અંસારી વિરુધ્ધ ૯૫ ફરિયાદો

લખનૌ, તા. ૧૭




હિંદુ ધર્મ અને ભગવાન શ્રીકૃષ્ણ અંગેની વિવાદાસ્પદ ટિપ્પણીઓ બાદ ઇટાવાના મૌલાના જારજીસ અંસારીની મુશ્કેલીઓ વધી છે. તેમના વિરુધ્ધ ઉત્તર પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં ૯૫ ફરિયાદો નોંધાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત, અનેક હિંદુ સંગઠનોએ વિરોધ પ્રદર્શન કરીને કડક કાર્યવાહીની માંગ કરી છે.

આરોપ છે કે ઝારખંડમાં આપેલા એક ભાષણ દરમિયાન અંસારીએ ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ અને હિંદુ પૂજા પધ્ધતિ અંગે વાંધાજનક નિવેદનો આપ્યા હતા. વિવાદ વધતા હિંદુ મહાસભાના કાર્યકરો હઝરતગંજ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને એફઆઈઆર નોંધાવવાની માંગ કરી હતી. પોલીસ દ્વારા સમગ્ર મામલાની તપાસ હાથ ધરવામાં આવી છે.

# કાવડ યાત્રામાં શિસ્ત અને ધીરજ જાળવવા યોગી આદિત્યનાથની અપીલ

શામલી, તા. ૧૭

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાવડ યાત્રા દરમિયાન શ્રધ્ધાળુઓને શિસ્ત, ધીરજ અને શિષ્ટાચાર જાળવવાની અપીલ કરી છે. શામલીમાં જાહેર સભાને સંબોધતા તેમણે જણાવ્યું કે નાની-મોટી બાબતોને લઈને કોઈ હોબાળો ન થવો જોઈએ, કારણ કે વિરોધી તત્વો આવી ઘટનાઓનો લાભ ઉઠાવવાનો પ્રયાસ કરી શકે છે. મુખ્યમંત્રીએ કહ્યું કે કાવડ યાત્રા આસ્થા અને સંસ્કૃતિનું પ્રતિક છે, તેથી દરેક ભક્તે જવાબદારીપૂર્વક વર્તન કરવું જરૂરી છે. સરકાર યાત્રાળુઓની સુરક્ષા અને સુવિધા માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરી રહી છે. યોગી આદિત્યનાથે વિપક્ષ પર નિશાન સાધતાં કહ્યું કે અગાઉ ધાર્મિક કાર્યક્રમો પર પ્રતિબંધો મૂકવામાં આવતા હતા, જ્યારે વર્તમાન સરકાર શ્રધ્ધા અને પરંપરાનું સન્માન કરે છે. શામલીમાં ૫૮૧ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ પણ કર્યો હતો.

# લીલીયા શહેરમાં ગટરની નબળી કામગીરીથી ૧૦૮ ફસાતા દર્દી અટવાયા


લીલીયા,તા.૧૭



લીલીયા શહેરમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત કરોડોના ખર્ચે હાઉસ કનેક્શનની કામગીરી ચાલી રહી છે. જોકે, તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન રસ્તાઓ આડેધડ ખોદીને સમયસર મરામત ન કરાતા સ્થાનિકો પરેશાન છે. આ દરમિયાન કીકાણી પ્લોટ વિસ્તારમાં રહેતા વરિષ્ઠ નાગરિક બાલુભાઈ કીકાણીની તબિયત બગડતાં ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. દર્દીને હોસ્પિટલ લઈ જતી વખતે ઘર પાસે જ યોજનાના ખાડામાં ૧૦૮ ફસાઈ ગઈ હતી, જેના લીધે દર્દી ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આખરે બીજી ૧૦૮ બોલાવીને દર્દીને હોસ્પિટલ શિફ્ટ કરાયા હતા. બાદમાં સ્થાનિકોએ ટ્રેક્ટર અને દોરડાની મદદથી એમ્બ્યુલન્સ બહાર કાઢી હતી. તંત્રની આ કામગીરી સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# બલુચિસ્તાનમાં પાકિસ્તાની લશ્કરી કાફલા પર હુમલો, BLAએ જવાબદારી સ્વીકારી

ઈસ્લામાબાદ, તા. ૧૭



બલુચિસ્તાનના મસ્તુંગ જિલ્લામાં પાકિસ્તાની લશ્કરી કાફલા પર થયેલા હુમલાની જવાબદારી બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA)એ સ્વીકારી છે. સંગઠને દાવો કર્યો છે કે હુમલામાં ૪૫થી વધુ સુરક્ષા કર્મચારીઓના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. જોકે, પાકિસ્તાની સત્તાવાળાઓએ હુમલાની પુષ્ટિ કરી છે, પરંતુ જાનહાનિ અંગે કોઈ સત્તાવાર માહિતી આપી નથી. BLAના પ્રવક્તા જિયાંદ બલોચના જણાવ્યા મુજબ, મસ્તુંગ જિલ્લાના ખડકુચા વિસ્તારમાં ફતાહ સ્ક્વોડ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. સંગઠનના દાવા અનુસાર, સૈનિકો અને સુરક્ષા કર્મચારીઓને લઈ જતાં વાહનોના કાફલાને નિશાન બનાવવામાં આવ્યો હતો. આ ઘટના બાદ વિસ્તારમાં તણાવ વધી ગયો છે. સ્થાનિક અહેવાલો મુજબ, ત્યારબાદ થયેલી અથડામણોમાં નાગરિકો પણ પ્રભાવિત થયા છે. નોંધનીય છે કે તાજેતરમાં BLA એ ગ્વાદર જિલ્લાના જીવાની વિસ્તારમાં પાકિસ્તાન કોસ્ટ ગાર્ડ કેમ્પ પર થયેલા હુમલાની જવાબદારી પણ સ્વીકારી હતી. જોકે, BLA દ્વારા કરવામાં આવેલા જાનહાનિના દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી.

# ભારતીય નૌકાદળને વધુ એમએચ-૬૦આર સીહોક હેલિકોપ્ટર મળ્યું, દરિયાઈ સુરક્ષા ક્ષમતામાં થશે વધારો

નવી દિલ્હી, તા. ૧૭



ભારતીય નૌકાદળને અમેરિકન કંપની લોકહીડ માર્ટિન દ્વારા ઉત્પાદિત વધુ એક અદ્યતન એમએચ-૬૦આર સીહોક મલ્ટી-રોલ નૌકાદળ હેલિકોપ્ટર મળ્યું છે. ભારતમાં અમેરિકી દૂતાવાસે આ માહિતી આપતાં જણાવ્યું કે આ ડિલિવરી ભારત-અમેરિકા સંરક્ષણ ભાગીદારીના વધતા મજબૂત સંબંધોનું પ્રતિબિંબ છે. આ હેલિકોપ્ટર ગયા અઠવાડિયે કોચીમાં ભારતીય નૌકાદળને સોંપવામાં આવ્યું હતું, જ્યારે આગામી દિવસોમાં વધુ બે હેલિકોપ્ટર પણ પહોંચવાના છે.

ભારતે ૨૦૨૦માં વિદેશી લશ્કરી વેચાણ કરાર હેઠળ ૨૪ એમએચ-૬૦આર સીહોક હેલિકોપ્ટર ખરીદવાનો કરાર કર્યો હતો. આશરે ૭,૯૯૫ કરોડ રૂપિયાના આ સોદાનો હેતુ ભારતીય નૌકાદળની દરિયાઈ સુરક્ષા અને સબમરીન વિરોધી ક્ષમતાને મજબૂત બનાવવાનો છે.

એમએચ-૬૦આર સીહોક અદ્યતન રડાર, ડિપિંગ સોનાર, સોનોબુય, ટોર્પિડો અને હેલફાયર મિસાઈલોથી સજ્જ છે. તે સબમરીન શોધ, દરિયાઈ દેખરેખ, શોધ અને બચાવ કામગીરી તેમજ એન્ટી-સર્ફેસ અને એન્ટી-સબમરીન યુધ્ધમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### આરોપીઓ વિસ્ફોટકોના પરીક્ષણ જેવી જોખમી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા

# રાજયમાં આતંકી નેટવર્ક પર એટીએસ દ્વારા જૈશના વધુ પાંચ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ

અમદાવાદ,તા.૧૭

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા રાજ્યમાં આતંકવાદી પ્રવૃત્તિઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ગત ૩ જુલાઈએ જૈશ-એ-મોહમ્મદ (JeM) આતંકી સંગઠન સાથે સંકળાયેલા આઠ શંકાસ્પદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ અગાઉ ઝડપાયેલા આરોપીઓની સતત પૂછપરછ, ડિજિટલ ડેટા અને અન્ય કડીઓના વિશ્લેષણ દરમિયાન વધુ પાંચ લોકોના નામ સામે આવ્યા હતા. આ ચોક્કસ માહિતીના આધારે એટીએસની ટીમોએ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને વધુ પાંચ શંકાસ્પદ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા તમામ આરોપીઓ ગુજરાતના જુદા જુદા જિલ્લાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ તમામ શંકાસ્પદોની સઘન પૂછપરછ કરીને આખા નેટવર્ક અંગે વધુ વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. તપાસ એજન્સીના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા ઝડપાયેલા પાંચેય આરોપીઓ અગાઉ પકડાયેલા આઠ આરોપીઓ સાથે સીધા અથવા આડકતરી રીતે સતત સંપર્કમાં હતા. તપાસ દરમિયાન મળેલી પ્રાથમિક માહિતી મુજબ, તેઓ એકબીજાની શંકાસ્પદ પ્રવૃત્તિઓથી સંપૂર્ણ પરિચિત



હતા અને કેટલીક દેશવિરોધી ગતિવિધિઓમાં સક્રિયપણે સાથે જોડાયેલા હોવાની આશંકા છે. પ્રાથમિક તપાસમાં એવો પણ ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ આરોપીઓ વિસ્ફોટકોના પરીક્ષણ (ટેસ્ટિંગ) જેવી જોખમી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. જોકે, આ અંગે ટેકનિકલ અને ફોરેન્સિક તપાસ હજુ ચાલુ છે, જે પૂર્ણ થયા બાદ જ વધુ વિગતો સ્પષ્ટ થશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત એટીએસ દ્વારા ૩ જુલાઈએ ગુજરાત અને મધ્યપ્રદેશમાં એક સાથે મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ગુપ્ત માહિતીના આધારે એટીએસની પાંચ અલગ-અલગ ટીમો બનાવીને અનેક શંકાસ્પદ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ સંયુક્ત કાર્યવાહી દરમિયાન ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, નવસારી અને પાટણ ઉપરાંત મધ્યપ્રદેશના દેવાસમાંથી કુલ આઠ શંકાસ્પદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જ સામે આવ્યું હતું કે આ તમામ આરોપીઓ પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સીધા જોડાયેલા હતા. તપાસ એજન્સીએ જણાવ્યું કે, પકડાઈ ન જવાય તે માટે આરોપીઓ સોશિયલ મીડિયાના ગુપ્ત પ્લેટફોર્મ અને અન્ય ડિજિટલ માધ્યમો દ્વારા એકબીજા સાથે વાતચીત કરતા હતા. હવે નવા ઝડપાયેલા પાંચ આરોપીઓની પૂછપરછ બાદ આ આતંકી મોડ્યુલ કેટલું મોટું છે અને તેમાં અન્ય કયા સ્થાનિક લોકો સંકળાયેલા છે, તે અંગે તપાસનો દોર લંબાવવામાં આવ્યો છે.

## અમદાવાદમાં મ્યુલ એકાઉન્ટ અને હવાલા કૌભાંડનો થયો પર્દાફાશ

અમદાવાદ,તા.૧૭

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં ૭૫થી વધુ મ્યુલ એકાઉન્ટ ખોલાવી કરોડોના હવાલા, સાયબર ફ્રોડ અને ઓનલાઈન સટ્ટાબાજી કરવાનું કૌભાંડ સામે આવ્યું છે. ડ્રાઈવર રવિની ફરિયાદના આધારે પોલીસે ક્રિષ્ના પેન્ટાની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર વરુણ વર્મા સહિત દેવાંગ, સન્ની અને જયદીપની શોધખોળ ચાલુ છે. આ ગેંગ ગરીબોને લાલચ




આપી ખાતા ખોલાવતી હતી. કેસમાં રાજકીય સાંઠગાંઠ, અપહરણ અને સુરતના ચિરાગ ગોટીની મોડસ ઓપરેન્ડીના એન્ગલથી પોલીસ તપાસ તેજ થઈ છે.

## કચ્છના સરક્રિકમાંથી શંકાસ્પદ પાકિસ્તાની બોટ ઝડપાઈ, સુરક્ષા એજન્સીઓ એલર્ટ

ભુજ,તા.૧૭

કચ્છના અત્યંત સંવેદનશીલ અને સરહદી સરક્રિક વિસ્તારમાં દરિયાઈ સરહદ પર નિયમિત પેટ્રોલિંગ દરમિયાન બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) ના જવાનોને ભારતીય જળસીમામાંથી એક શંકાસ્પદ પાકિસ્તાની બોટ મળી આવી છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ બોટ બિનવારસી હાલતમાં



મળી આવી હોવાની શક્યતા છે. જવાનોએ તાત્કાલિક કાર્યવાહી કરીને બોટને પોતાના કબજામાં લીધી છે.

આ બોટ ભારતીય સરહદમાં કેવી રીતે પ્રવેશી અને તેનો મુખ્ય હેતુ શું હતો, તે અંગે સુરક્ષા એજન્સીઓ ઘૂસણખોરી, જાસૂસી અને ડ્રગ્સની હેરાફેરી જેવા તમામ સંભવિત એન્ગલથી ઝીણવટભરી તપાસ કરી રહી છે. બોટની અંદર કોઈ હથિયારો કે વિસ્ફોટક સામગ્રી છુપાવવામાં આવી છે કે નહીં તેની પણ સઘન તપાસ શરૂ કરાઈ છે. આ ઘટના બાદ વ્યૂહાત્મક રીતે મહત્વના ગણાતા ક્રિક વિસ્તારમાં બીએસએફ દ્વારા પેટ્રોલિંગ વધુ સઘન બનાવી દેવામાં આવ્યું છે.

## વાવ-થરાદમાં રૂ. ૬.૮૯ કરોડની પ્રતિબંધિત ટ્રામાડોલ ગોળીઓ સાથે બે શખ્સો ઝડપાયા

પાલનપુર,તા.૧૭

બનાસકાંઠા એસઓજી (SOG) એ થરાદના માધવ કોમ્પ્લેક્સના ગોડાઉન અને ચોથાનેસડા ગામના મેડિકલ સ્ટોર પર દરોડા પાડીને ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર વેચાતી રૂ.૬.૮૯ કરોડની ૮,૦૬૦ નંગ પ્રતિબંધિત 'ટ્રામાડોલ' ગોળીઓ જપ્ત કરી છે. લાયસન્સનો દુરુપયોગ કરી નશાકારક દવાઓ વેચવાના કૌભાંડમાં પોલીસે મફા રબારી અને વિક્રમ




રાજપૂતની અટકાયત કરી છે. બંને આરોપીઓ સામે થરાદ અને માવસરી પોલીસ મથકે એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

## રાજયના ડેમોમાં ૪૧% જળસ્તર, સરદાર સરોવરમાં ૬૫% પાણીની આવક

અમદાવાદ,તા.૧૭

ગુજરાતના ૨૦૬ જળાશયોમાં હાલ સરેરાશ માત્ર ૪૧.૧૪% જળસંગ્રહ છે, જે ગત વર્ષના ૫૯% કરતા ઘણો ઓછો છે.

જોકે, સરદાર સરોવર ડેમ ૬૫.૨૨% ભરાતાં મોટી રાહત થઈ છે. હાલ રાજ્યના



૧૦૬ ડેમમાં ૨૫%થી ઓછું પાણી છે, જ્યારે કચ્છમાં સૌથી ઓછું ૨૪.૩૮% જળસ્તર છે. પાણીની આવક વધતાં ૧૨ ડેમ હાઈ એલર્ટ પર છે.

## ગુજરાત વિધાનસભા ચૂંટણી ૧૬૦ બેઠકો કબજે કરવાના લક્ષ્યાંક સાથે ભાજપે કર્યુ મંથન


ગાંધીનગર,તા.૧૭

ગુજરાત ભાજપમાં આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને લઈ અત્યારથી જ ધમધમાટ શરૂ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીઓ સાથે યોજેલી બેઠકના ગણતરીના દિવસોમાં જ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પ્રદેશ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે ટોચના મોવડીઓ સાથે



અત્યંત મહત્વપૂર્ણ અને ગુપ્ત બેઠક યોજતા રાજકીય ગરમાવો આવી ગયો છે.

અષાઢી બીજના દિવસે મળેલી આ બે કલાકની મેરેથોન બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશના અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી ચૂંટણીમાં ૧૮૨માંથી ૧૬૦ બેઠકો જીતવાના ભવ્ય લક્ષ્યાંક સાથેની રણનીતિ પર ગંભીર મંથન થયું છે. ગૃહમંત્રીએ નબળા પ્રદર્શનવાળા વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા અને પક્ષના સંગઠનને છેક બૂથ લેવલ સુધી મજબૂત કરવા કડક સૂચના આપી છે.






## વિજાપુરમાં હિટ એન્ડ રનનો ભેદ ઉકેલાયો પત્ની-પુત્રીએ જ પતિની હત્યા કરાવી

મહેસાણા, તા.૧૭

વિજાપુરમાં ૮ જુલાઈના રોજ બનેલી હિટ એન્ડ રનની ઘટના પૂર્વનિયોજિત હત્યા હોવાનો પર્દાફાશ થયો છે. ઘરકંકાસ અને વહેમના કારણે પત્ની રીટાબેન અને દીકરી શ્રધ્ધાબેને સગા ભાણેજ વિમલ પટેલને સોપારી આપી વિનોદભાઈ પટેલની કાર નીચે કચડીને હત્યા કરાવી હતી. પોલીસે




સીસીટીવી ફૂટેજ અને સાક્ષીની મદદથી ભેદ ઉકેલી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

## રાજયમાં વરસાદનો નવો રાઉન્ડઃ ૨૪ કલાકમાં ૧૧૨ તાલુકાઓમાં મેઘમહેર

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાં થોડા દિવસના વિરામ બાદ ફરી વરસાદી માહોલ જામ્યો છે. અષાઢી બીજથી શરૂ થયેલા વરસાદના નવા રાઉન્ડમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૧૨ તાલુકાઓમાં મધ્યમથી ભારે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ રાજકોટના પડધરીમાં ૨.૨૪ ઈંચ, સુરતના કામરેજમાં ૧.૮૧ ઈંચ અને કચ્છના રાપરમાં ૧.૬૯ ઈંચ વરસ્યો હતો. આ સિવાય માંગરોળ, બારડોલી, ધંધૂકા અને ટંકારામાં પણ સારો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. બીજી તરફ, હવામાન વિભાગે દેશના ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી અને રાજસ્થાન સહિત ૧૨ રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી જાહેર કરી સ્થાનિક તંત્રને સતર્ક રહેવા સૂચના આપી છે.

## ગાંધીનગરમાં મહિલા લેબ ટેકનિશિયન સાથે રૂ.૬૯.૬૩ લાખની સાયબર ઠગાઈ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મહિલા લેબ ટેકનિશિયન સાથે પ્રી-આઈપીઓ એલોટમેન્ટના નામે રૂ.૬૯.૬૩ લાખની ઓનલાઈન છેતરપિંડી થઈ છે. ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત જોઈને સાયબર ઠગોએ નકલી એપ દ્વારા વધુ નફાની લાલચ આપી રોકાણ કરાવ્યું હતું. પૈસા પરત ન મળતાં મહિલાએ ફરિયાદ નોંધાવી છે અને સાયબર પોલીસે તપાસ હાથ ધરી છે.

